આજનો સુવિચાર

"માન્યું કે સમય હેરાન કરી રહ્યો છે પરંતુ કેવી રીતે જીવવું તે પણ સમય જ શીખવાડી રહ્યો છે."

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૧૦ જૂનાગઢ તા.૨૨-૮-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 210, Junagadh : Date : 22 August, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# પાક. કબ્જાગ્રસ્ત કાશ્મીરમાં ભારતીય સૈન્યની સર્જીકલ સ્ટ્રાઈક : ૮ ત્રાસવાદીઓને ઠાર માર્યા

શ્રીનગર તા. ૨૨

જમ્મુ-કાશ્મીરમાં ફરી એક વખત વધેલી ત્રાસવાદી અને ઘુસણખોરીની પ્રવૃતિ સામે અંતે ભારતીય સૈન્યનાં કમાન્ડો ટીમે કાશ્મીર ખીણના રાજૌરી અને પુંચ જીલ્લાના મધ્યમાં અંકુશ રેખા પાર કરીને પાક. કબ્જાના કાશ્મીરમાં લગભગ ૨.૫ કિલોમીટર અંદર ઘુસીને આતંકીઓના ચાર લોન્ચીંગ પેડ ઉડાવી દીધા હતા તથા સાતથી આઠ ત્રાસવાદીઓને ખત્મ કરી સેનાની કમાન્ડો ટીમ સલામત રીતે ભારતીય ક્ષેત્રમાં પરત આવી ગઈ હતી.

આ હુમલો એટલો ચપળતાથી તથા રાત્રીના અંધકારમાં કરવામાં આવ્યો હતો કે પાક. સેનાના રેન્જર્સને વળતો જવાબ આપવાની કોઈ તક જ રહી ન હતી અને સીમાપાર તબાહીના દ્રશ્યો સર્જાઈ ગયા હતા તથા ભારતમાં ઘુસણખોરી કરવા માટે બેઠેલા આતંકવાદીના એક મોટા જૂથને ખત્મ કરી દેવામાં આવ્યું હતું.

આ આર્મી સ્ટ્રાઈક નિયંત્રણ રેખાને પાર કરીને પાક કબ્જાના કાશ્મીરમાં કોટલી-નકયાલ ક્ષેત્રમાં કરવામાં આવી હતી અને શનિવારે રાત્રીના ૧૨થી૧૫ કમાન્ડોએ આ ઓપરેશનને પુરુ પાડયું હતું તેઓને બેકઅપમાટેકમાન્ડોની વધુ એક ટીમ તૈનાત કરવામાં આવી હતી પણ તેમને એકશનમાં આવવાની જરૂર જ પડી ન હતી. સમગ્ર ઓપરેશનનું શ્રીનગરના કમાન્ડ સેન્ટરથી સંચાલન થયુ હતું. છેલ્લા કેટલાક દિવસથી કાશ્મીર ખીણમાં આતંકી ગતિવિધિ વધી હતી. પુલવામાં બે ત્રાસવાદીને ૪૮ કલાક પુર્વે ઠાર મરાયા પછી તેઓના રૂટ પરથી એ નિશ્ચિત થયું કે અંકુશ રેખાની પેલે પાર વધુ ત્રાસવાદીઓ ઘુસવા માટે તૈયાર છે અને તેઓને ત્રણ - ત્રણનાં જૂથમાં સરહદ પાર કરાવવા પાક સેનાએ તૈયાર કરેલા લોન્ચીંગ પેડ પર હાલ રખાયા છે. ભારતીય સેનાના ગુપ્તચર વિભાગે આ માહિતીની પુષ્ટિ કરતા જ તુર્તજ ત્રાસવાદી હરકત પર નજર રાખી ટાર્ગેટનિશ્ચિત કરી શનિવારે રાત્રીના આ ઓપરેશન પાર પાડીને કમાન્ડો ટીમ ભારતીય કેમ્પમાં પરત આવી ગઈ હતી તે સમયે સરહદના પેલે પારઆગ તથા ધુમાડાનાદ્રશ્યોજોવા મળ્યા હતા.

# ભારતનાં અતિમહત્વનાં મિશન મુનની નિર્ણાયક ઘડી આવી રહી છે : ચંદ્રયાન-૩નાં સોફટ લેન્ડીંગનું કાઉન્ટ-ડાઉન શરૂ

શ્રીહરિકોટા તા.૨૨ :

ભારતના મહાત્વાકાંક્ષી મીશન મુનમાં હવે નિર્ણાયક ઘડી આવીરહી છે. ચંદ્રયાન-૩થી અલગ થઈને લેન્ડર 'વિક્રમ' હવે આવતીકાલે સાંજે ૬.૦૪ કલાકે ચંદ્રની ધરતી પર ૨૫ કી.મી. ઉંચાઈએ સ્થિર થયા બાદ ચંદ્રના દક્ષિણ ધ્રુવના નિર્ધારિત તથા વૈકલ્પિક એમ બે સ્થળો પરથી એક સ્થળ પર સોફટ લેન્ડીંગ કરે તેનું કાઉન્ટડાઉન આજે સાંજે ચાલુ થશે અને તેના માટેના અંતિમ ૧૫ મીનીટ અત્યંત મહત્વના હશે તથા જો ઉતરાણ માટે યોગ્ય સ્થિતિ નહી હોય

તો લેન્ડરને ફરી એક વખત ચંદ્રની ભ્રમણકક્ષામાં મુકીને તા.૨૭ના ફરી લેન્ડીંગના પ્રયાસો કરવામાં આવશે. ચંદ્રયાન-૨ના લેન્ડરનું જે રીતે ચંદ્રની ધરતી પર ક્રેશ લેન્ડીંગ થયું તેમાંથી ભારતીય અવકાશી સંશોધન સંસ્થાના વૈજ્ઞાનિકો તથા ટેકનોક્રાફટે અનેક બોધપાઠ લીધા છે અને તથા લેન્ડીંગના વૈકલ્પિક સ્થળ ઉપરાંત સમય બન્નેની તકેદારી લીધી છે. કાલે સાંજે લેન્ડીંગના નિશ્ચીત સમયના બે કલાક પુર્વે જ લેન્ડર મોડયુલની સ્થિતિ ચકાસવામાં આવશે. તેણે આવતીકાલે લેન્ડર કર્યુ કે પછી તે તા.૨૭ના સુધી વિલંબમાં મુકવું તે નિશ્ચીત કરી લેવાશે.

## ટમેટાનાં ભાવ ઉંધે કાંધ પડયાહવે રૂા. ૫૦નાં કિલો

નવી દિલ્હી, તા.૨૨: સરકારે સોમવારે કહ્યું કે છૂટક બજારમાં તાજા પાકના આગમન સાથે ટામેટાના ભાવ ઘટીને ૫૦ થી ૭૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે. તેણે એમ પણ કહ્યું કે જ્યાં સુધી ભાવ દર સામાન્ય ન થાય ત્યાં સુધી તે રાહત દરે ટામેટાંનું વેચાણ કરવાનું ચાલુ રાખશે. કમોસમી વરસાદને કારણે દેશભરના છૂટક બજારોમાં ટામેટાના ભાવ ૨૫૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા હતા. ઉપભોક્તા બાબતોના સચિવ રોહિત કુમાર સિંહે જણાવ્યું હતું કે, હાલમાં દેશભરના છૂટક બજારોમાં ટામેટાંના ભાવ ૫૦ થી ૭૦ રૂપિયા પ્રતિ કિલો છે. તેમણે કહ્યું કે મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં નવા પાકની આવકમાં વધારો થવાને કારણે ભાવ નીચે આવવા લાગ્યા છે.

સબસિડીવાળા દરે ટામેટાંના વેચાણ અંગે સચિવે જણાવ્યું હતું કે રિટેલ ભાવ સામાન્ય થાય ત્યાં સુધી સરકાર પસંદગીના રાજ્યોમાં સબસિડીવાળા દરે ટમેટાનું વેચાણ કરવાનું ચાલુ રાખશે

# કલમ ૪૯૮-Aનો મહિલાઓ દ્વારા દુરઉપયોગ કરવામાં આવી રહયો છે : કોલકત્તા હાઈકોર્ટ

કોલકત્તા તા. ૨૨ :

કલકત્તા હાઈકોર્ટે આઈપીસીની કલમ ૪૯૮A એટલે કે ભારતીય દંડ સંહિતાના દુરુપયોગને લઈને આકરી ટિપ્પણી કરી છે. હાઈકોર્ટનું કહેવું છે કે આ દ્વારા મહિલાઓએ 'કાનૂની આતંકવાદ' શરૂ કર્યો છે. વાસ્તવમાં, આ કલમ પતિ અને તેના સંબંધીઓ દ્વારા મહિલા પર કરવામાં આવતી ક્રૂરતાને ગુનો માને છે.

કેસની સુનાવણી કરી રહેલા જસ્ટીસ શુભેંદુ સામંતે કહ્યું કે કલમ ૪૯૮A મહિલાઓના કલ્યાણ માટે લાવવામાં આવી હતી, પરંતુ હવે તેનો ઉપયોગ ખોટા કેસ દાખલ કરવા માટે થઈ રહ્યો છે. ન્યાયાધીશે કહ્યું, 'સેકશન ૪૯૮A સમાજમાંથી દહેજના દુષણને ખતમ કરવા માટે લાવવામાં આવ્યું હતું. પરંતુ આ જોગવાઈનો દુરૂપયોગ કરીને કાનૂની આતંકવાદ ચલાવવામાં આવ્યો હોવાનું ઘણા કિસ્સાઓમાં જોવા મળ્યું છે.' કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે કલમ ૪૯૮Aમાં સામેલ ક્રૂરતા માત્ર પત્નીના આધારે જ સાબિત થઈ શકે નહીં. કોર્ટે કહ્યું, 'કાયદો ફરિયાદીને ફોજદારી ફરિયાદ દાખલ કરવાની મંજૂરી આપે છે, પરંતુ તે નક્કર પુરાવા સાથે સાબિત પણ થવી જોઈએ.'

## અમદાવાદનાં વિદ્યાર્થીએ લંડનમાં આપઘાત કર્યો

અમદાવાદ તા. ૨૨

અમદાવાદના શહેરના નરોડા વિસ્તારનો રહેવાસી કુશ પટેલ ગત વર્ષે જ સ્ટુડન્ટ વિઝા પર લંડન ગયો હતો. તેણે લંડનની યુનિવર્સિટીમાં બિઝનેસ મેનેજમેન્ટના કોર્સમાં એડમિશન લીધુ હતું. તે છેલ્લા ૧૧ દિવસથી પરિવારના સંપર્કમાં ન હોવાથી પરિવારજનો ચિંતામાં મુકાયા હતા અને તેમણે કુશના રુમ પાર્ટનર સાથે કોન્ટેક્ટ કરીને તેની સાથે વાત કરી હતી પણ રૂમમેટને પણ તેના વિશે કોઈ જાણ ન હતી તેથી માતા-પિતાએ વેમ્બલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી જેના પગલે પોલીસે કુશની શોધખોળ શરુ કરી હતી. તેના લાસ્ટ લોકેશનના આધારે શોધખોળ કરતા તેનું લોકેશન લંડન બ્રિજ પાસે મળ્યુ હતું,

જો કે પોલીસને કુશ પટેલ ત્યા પણ મળ્યો ન હતો. છેલ્લે ૧૯ ઓગસ્ટે મોડી રાત્રે લંડન બ્રિજના છેડાથી કુશ પટેલનો મૃતદેહ મળી આવ્યો હતો અને તેની ઓળખ કરવામાં આવી હતી. પોલીસે મૃતદેહને ડીએનએ માટે મોકલ્યો હતો જેમાં મૃતદેહ કુશ પટેલનો હોવાનું સામે આવ્યુ હતું.

## મણિપુરમાં સ્થિતિ વધુ ગંભીર : નેશનલ હાઈવે પર કુકી જૂથે નાકાબંધી કરી

ઈમ્ફાલ તા. ૨૨

મણિપુરના કાંગપોકપી જિલ્લામાં નેશનલ હાઈવે પર અનિશ્ચિત સમય માટે નાકાબંધી ફરી શરૂ થઈ ગઈ છે. રાજ્યમાં એક આદિવાસી સંગઠન ડુંગરાળ વિસ્તારોમાં રહેતા કુકી-જો સમુદાયો માટે જરૂરી ચીજવસ્તુઓના પૂરતા પુરવઠાની માંગ કરી રહ્યું છે. આ સંદર્ભે, સોમવારે કાંગપોકપીમાં ૨ હાઈવે પર અનિશ્ચિત નાકાબંધી શરૂ કરવામાં આવી હતી. નાગાલેન્ડના દીમાપુર સાથે ઈમ્ફાલને જોડતો નેશનલ હાઈવે નંબર-૨ અને આસામમાં સિલચરને ઈમ્ફાલ સાથે જોડતો નેશનલ હાઈવે ૩૭ બ્લોક કરવામાં આવ્યો છે. આદિવાસી એકતા સમિતિ (COTU), સદર હિલ્સ, કાંગપોકપી દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગને અવરોધિત કરવામાં આવ્યો છે. એક અધિકારીએ જણાવ્યું કે, "આદિવાસી સંગઠનના સ્વયંસેવકો દ્વારા રસ્તો બ્લોક કરવાની અપીલ કરવામાં આવી રહી છે. આ લોકો કાંગપોકપીમાં કેટલાક સ્થળોએ વાહનોને રોકવાની માંગ સાથે રસ્તા પર આવતા જોવા મળ્યા હતા. COTU સેક્રેટરી લેમિનલુન સિંગસિટે ૧૭ ઓગસ્ટે આ અંગે ચેતવણી આપી હતી.

# મુંબઈ હુમલાનાં આરોપી તહવ્વુર રાણાનું પ્રત્યાર્પણ નહી કરાય : અમેરીકી અદાલતનાં આદેશથી ભારતને ફટકો

મુંબઈ તા.૨૨ : મુંબઈ આતંકી હુમલાનાં આરોપી અને મૂળ પાકિસ્તાની એવા કેનેડાનાં ઉદ્યોગપતિ તહવ્વુર રાણાને ભારતને સોંપવામાં ફરી વિઘ્ન આવ્યું છે. ભારતને પ્રત્યાર્પણ કરવા પર અમેરિકાએ રોક લગાવી દીધી છે. બાઈડન તંત્રની અપીલ ફગાવી છે. અમેરિકાની અદાલતે તહવ્વુર રાણાનાં પ્રત્યાર્પણમાં અટકાવવાનો આદેશ કર્યો છે. ભારતમાં તહવ્વુર રાણા સામે કેસ ચાલી રહ્યો છે. ભારતમાં પ્રત્યાર્પણ અટકાવવાની ચાલમાં તહવ્વુર રાણા સફળ થયો હોય તેમ કેસની સુનાવણી સુધી પ્રત્યાર્પણ ન થવા દેવાની દલીલને અદાલતે સ્વીકાર કરી લીધો હતો. તહવ્વુર રાણા પર મુંબઈ આતંકી હુમલામાં કનેક્શનનો આરોપ છે તે પાક અમેરીકી ત્રાસવાદી ડેવીડ હેડલી સાથે સાંઠગાંઠ ધરાવતો હોવાનું બહાર આવ્યુ હતું. હેડલી ૨૬/૧૧ના મુંબઈ હુમલાનુ ષડયંત્ર ઘડનારાઓમાં એક હતો.

# કોરોનાનાં ૬.૫ ટકા દર્દીઓ હોસ્પીટલમાંથી રજા મળ્યાનાં એક વર્ષમાં જ મૃત્યુ પામ્યા હોવાનો ખુલાસો

નવી દિલ્હી તા. ૨૨

કોરોનાની પહેલી અને બીજી લહેર દરમિયાન, ૬.૫ ટકા લોકો જેમને કોરોના વાયરસના ચેપની ગંભીર અસર થઈ હતી અને ૧૪ દિવસ કે તેથી વધુ સમય માટે હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું, તેઓ એક વર્ષમાં મૃત્યુ પામ્યા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના એક અભ્યાસમાં આ વાત સામે આવી છે. જો કે, આમાંથી ૭૩.૩ ટકા લોકો એવા હતા જેઓ ઓછામાં ઓછા એક અથવા વધુ રોગોથી પીડિત હતા.

નેશનલ ક્લિનિકલ રજિસ્ટ્રી ફોર COVID-19 (NCRC) ના સંશોધકોએ એક વર્ષ માટે દેશના વિવિધ પ્રદેશોમાં સ્થિત ૩૧ હોસ્પિટલોમાં ગંભીર રીતે દાખલ થયેલા પરંતુ બાદમાં સ્વસ્થ થયેલા દર્દીઓને સર્વેમાં ધ્યાનમાં લીધા હતા. આ દરમિયાન દર ત્રણ મહિને કુલ ૧૪૪૧૯ દર્દીઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, એક વર્ષમાં ૬.૫ ટકા એટલે કે ૯૫૨ દર્દીઓના મોત થયા છે.

આ અભ્યાસ ઈન્ડિયન જર્નલ ઓફ મેડિકલ રિસર્ચના તાજેતરના અંકમાં પ્રકાશિત થયો છે. એવું જોવામાં આવ્યું હતું કે પુરુષોનો મૃત્યુ દર સ્ત્રીઓ કરતાં ૬૫ ટકા વધુ હતો. અન્ય મૃત્યુ ડિસ્ચાર્જ થયાના ૧૦ દિવસમાં થયા છે. આમ ડિસ્ચાર્જનો સરેરાશ સમયગાળો ૨૮ દિવસ નક્કી કરવામાં આવ્યો છે. આંકડાઓ એ પણ દર્શાવે છે કે યુવાન લોકો માટે મૃત્યુ દર ઓછો હતો અને વૃદ્ધ લોકો માટે ઘણો વધારે હતો.

## ટેનામેન્ટ વેચવાનુ છે

3 BHK ૨૧૫ વાર,
બે રોડ, હવેલી નજીક
રાધાનગર, આંબાવાડી, જોશીપરા,
સ્વતંત્ર ટેનામેન્ટ વેચવાનું છે
:: સંપર્ક ::
મો. નં. ૯૪૨૮૭ ૦૫૮૫૬

જૂનાગઢમાં સર્જાયેલ જળ હોનારતને એક મહિના કરતા વધુ સમય વીતી ગયો હોવા છતાં

# નોટીસોનાં ડિંડક અને તપાસ સમિતિનાં નાટક દ્વારા જૂનાગઢની જનતાને કયાં સુધી મૂર્ખ બનાવશો ?

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢ શહેરમાં સર્જાયેલી જળ હોનારતને એક મહિના કરતા વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી સ્થિતિ ઠેરની ઠેર જ છે. એટલે કે, જૂનાગઢ મનપાનાં નિંભર તંત્રએ માત્ર અમુક કિસ્સામાં નોટીસો આપીને સંતોષ માની લીધો છે. પરંતુ મુળ સમસ્યાનાં નિવારણ માટે હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાંઆવી નથી તેના બદલે જૂનાગઢ મહાનગરપાલિકાનાં સિનિયર ટાઉન પ્લાનીંગ ઓફીસર સહિતનાં સત્તાધિશો ઢાંકપીછોડો કરવાનાં પ્રયાસો કરી રહયા હોય તેવું ચિત્ર ઉપસી રહયું છે. માત્ર નોટીસનાં ડિંડક અને તપાસ સમિતિનાં નાટક કરવા જેવી વાતો કરવામાં આવી રહી છે પરંતુ જૂનાગઢનાં નગરજનો એ વાત સારી રીતે જાણે છે કે, કાળવાનાં વોકળા ઉપર જે દબાણો કરવામાં આવ્યા છે તે સત્તાધારી પક્ષનાં લોકોએ જ કર્યા છે અને કરાવ્યા છે તેથી તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ જેવી નીતિ અપનાવામાં આવી રહી છે. તાજેતરમાં જૂનાગઢ મહાનગરપાલિકાનાં જનરલ બોર્ડમાં આ બાબતે ઉગ્ર તડાફડી બોલી હોવા છતાં બોર્ડની કાર્યવાહીમાં કોઈ નક્કર નિર્ણય થયો નથી, કારણ કે વોકળા દબાણકાંડમાં જે લોકો હિત ધરાવે છે તેઓ તથા તેમના મળતિયાઓ સત્તાધારી પક્ષમાં છે તેથી સરવાળે દળી દળીને ઢાંકણીમાં, જેવો વ્યુહ અપનાવવામાં આવી રહયો છે. અખબારો દ્વારા સતત આ બાબતે તંત્રની ઉંઘ ઉડાડવા માટે સાબિતી સાથેનાં અહેવાલો પ્રસિધ્ધ કરવામાં આવી રહયા હોવા છતાં જાડી ચામડીનાં રાજકારણીઓ અને કૌભાંડીઓનું પેટનું પાણી પણ હલતું નથી, કારણ કે સત્તાનો મદ તેમને બેફામ બનાવી રહયો છે. તેમાં પ્રજાનો તો ખો નીકળી રહયો છે. શું હજુ તંત્ર એ રાહ જોઈ રહયું છે કે, જૂનાગઢમાં બીજી જળ હોનારત સર્જાય ત્યારે જોઈશું ? આ અંગે મામલો મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચ્યો હોવા છતાં હજુ પણ નોટીસો બજાવવા અને તપાસનાં નાટકો થઈ રહયા છે જે પ્રજાને મુર્ખ બનાવવા સિવાય બીજું કંઈ નથી તેવો સુર ઉઠી રહયો છે. લોકો એવું કહી રહયા છે કે, જૂનાગઢમાં વધુ કોઈ જર્જરીત ઈમારત ધરાશાયી થાય અથવા બીજી કોઈ જળ હોનારત સર્જાય તેની શું તંત્ર રાહ જોઈ રહયું છે ? નિયમ મુજબ વોકળાની બંને તરફ ૭ મીટર છોડીને બાંધકામ કરવાનું હોય છે પરંતુ જૂનાગઢમાં તો આખાને આખા વોકળા જ દબાવી દેવામાં આવ્યા છે તેના જીવતા જાગતા ૧૦૦ થી વધુ નિયમ વિરૂધ્ધનાં બાંધકામોનાં દાખલા હોવા છતાં તંત્ર કાર્યવાહી કરી રહયું નથી તે શું દર્શાવે છે ? આખું કોળુ જ શાકમાં ગયું હોવાનો ઘાટ ઘડાયો છે.

## છતનાં પંખા માટે કેન્દ્ર સરકારે કડક કાયદો બનાવ્યો BIS માર્ક અનિવાર્ય

નવી દિલ્હી, તા.૨૨: કેન્દ્ર સરકારે દેશમાં હલકી ગુણવત્તાની વસ્તુઓની આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવા માટે એક પછી એક કડક પગલાં લીધા છે. અગાઉ કેન્દ્ર સરકારે દેશમાં હલકી ગુણવત્તાવાળા પ્લાસ્ટીક ઉત્પાદનો, ચાર્જર અને યુએસબી કેબલની આયાત પર પ્રતિબંધ મૂકયો હતો. હવે એક પગલું આગળ વધારતા કેન્દ્ર સરકારે સીલિંગ પંખાની ગુણવત્તા સુધારવા માટે ધોરણો નક્કી કર્યા છે, જેમાં હવે દેશમાં માત્ર BIS માર્કવાળા પંખા વેચવામાં આવશે. સરકારે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીને આ કડક પગલું ભર્યું છે,

## ફલેટ વેચવાનો છે

3BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

## ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટે છે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨

## મકાન વેચવાનું છે

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, કિંમત રૂા. ૩૫ લાખ તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.
ફોન કરવાનો સમય
સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

## ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

## જૂનાગઢમાં વેચવાનું છે

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
(૭) તળાવ દરવાજા વિસ્તારમાં ગોલ્ડન-લેક માં 3 BHK વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે..
(૮) માંગનાથ રોડ ઉપર ૧૫૫૦ સ્કવેર ફૂટ વાળો શોરૂમ તદન વ્યાજબી ભાવમાં વેચવાનો છે. ગેલેક્સી સાઈકલ ની બાજુમાં...

સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

### ખેતરમાં વીજ શોક લગાવતા પહેલા ચેતજો

# કોડીનારના આણંદપુર ગામે નદીમાંથી મળેલ સિંહનો કોહવાયેલો મૃતદેહ મામલે વનવિભાગે કરી ૨ લોકોની અટકાયત



## ખેડૂતે પાક બચાવવા ખેતરમાં લગાવેલ વીજ કરંટથી સિંહનું મૃત્યુ થયાનો પી.એમ.રિપોર્ટમાં ખુલાસો થતાં બે સગા ભાઈઓ ની ધરપકડ



(અલ્તાફ મુગલ દ્વારા)
કોડીનાર તા.૨૧

કોડીનાર તાલુકાના આણંદપુર- પેઢાવાડા ગામ નજીકના નદી વિસ્તાર માંથી સિંહ ની કોહવાયેલી લાશ મળી આવ્યાના મામલે વન વિભાગ દ્વારા સઘન તપાસ અને ફોરેન્સિક પી.એમ કર્યા બાદ હકીકત સામે આવી હતી કે, ૩ થી ૫ વર્ષના આ નર સિંહનું મોત વીજ શોક લાગવાને કારણે થયું છે.આ સંદર્ભે વન વિભાગ દ્વારા ઉંડી તપાસ હાથ ધરી ને બે ખેડૂતોની અટકાયત બાદ કોડીનાર કોર્ટમાં રજૂ કરતા કોર્ટે જામીન ફગાવી જૂનાગઢ જેલ હવાલે મોકલી આપ્યા છે.

કોડીનારના આણંદપુર-પેઢાવાડા વચ્ચે નદી માંથી સિંહનો મૃતદેહ મળી આવ્યા સંદર્ભમાં જાણવા મળતી હકીકત અનુસાર જામવાળા રેન્જના ઘાંટવડ રાઉન્ડની ઘાંટવડ–૨ બીટના આણંદપુર-પેઢાવાડા ગામના સીમાડા પર આવેલ પુલ પરથી પસાર થતા વટેમાર્ગુ ને બાબરવા પાણીના નેરા વિસ્તાર માથી તા.૧૮ ના રોજ દુર્ગંધ આવતા ગામના માજી સરપંચને જાણ કરતા તેમના મારફત વન વિભાગ ને જાણ કરતા વન વિભાગ નો કાફલો તાત્કાલીક સ્થળ પર પહોંચી વન્યપ્રાણીના મૃતદેહ અંગેની પ્રાથમિક તપાસ હાથધરી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ વન્ય પ્રાણી સિંહ નર –૧ ઉ.વ.આ.૩ થી ૫ વર્ષનો હોવાનુ જણાતા વન વિભાગમાં ઉપરી અધિકારીને જાણ કરતા વન્યપ્રાણીના મૃતદેહનો કબ્જો લેવા માટે વેટરનરી ઓફિસર જામવાળા તથા મદદનીશ વન સંરક્ષક (ACF) જામવાળા અને આર.એફ.ઓ. જામવાળા ઘટના સ્થળ પર પહોંચી બનાવ સ્થળને સુરક્ષિત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.બાદમાં તમામ અધિકારીઓ સ્થળ પર પહોંચતા તેમની દેખરેખ હેઠળ વન્યપ્રાણીના શબનો કબ્જો જરૂરી કાર્યવાહી કરી સિંહ ના મૃતદેહ ને જામવાળા રેસ્ક્યુ સેન્ટર ખાતે લઈ ત્યાં વેટરનરી ઓફિસરની ટીમ દ્વારા પેનલ પી.એમ. કાર્યવાહિ કરતાં સિંહ નું વીજ શોક લાગવાથી મૃત્ય થયા નું કારણ ખુલતા જામવાળા રેન્જ ફોરેસ્ટ ની ટિમ સતત કામે લાગી બનાવ વાળા સ્થળની આજબાજુમા બીજા દિવસે વહેલી સવારથી અલગ અલગ ટીમો બનાવી સઘન સ્થળ તપાસ કરતા બાબરવા નેરાના કાઠા પર વન્યપ્રાણીના મૃતદેહનુ સ્થળ અને જગ્યા કોર્ડન કરી પગેરૂ મેળવતા તે આણંદપુર ગામના ખેડુત ખાતેદારની માલીકીની વાડી સુધી દોરી ગયેલ જે બાબતે સ્થાનિક સ્ટાફ દ્વારા ખેડુત ખાતેદારની જીણવટ ભરી સઘન પુછપરછ કરતા ખેડુત ખાતેદારના જણાવ્યા મુજબ આ વન્યપ્રાણી સિંહ નર જીવ-૧ નુ તા.૧૪ ના રોજ વહેલી સવારે ખેડુતે પોતાના ખેતરમા રોઝ તથા જંગલી ભુંડથી મગફળીના પાકના રક્ષણ માટે ગેરકાયદેસર રીતે ટી.સી. માથી ખેંચવામા આવેલ જીવંત ઈલેકટીક વીજ લાઈનના સંપર્કમા આવતા આ સિંહ નર–૧ ને વીજ શોક લાગતા મૃત્યુ થયા અંગેનુ જણાવતા અને આ મૃત સિંહના શબને રાત્રીના સમયે નિકાલ કરવા માટે તેઓની વાડીમા સંતાડીને રાખેલ.બાદમા તા.૧૫ ના રોજ મોડી રાત્રીના ૦૨:૦૦ કલાકની આસપાસ તેઓ તથા તેઓના મોટા ભાઈની મદદથી મૃતદેહને બાબરવા નેરા વિસ્તારમા પાણીમા ફેંકી દીધો હતો. બાદમા કશુ બન્યુ ન હોય તેમ આવીને પોતાના રોજીંદા કામકાજમા જોડાઈ ગયાએ હતા.જેથી કોઈને આ બાબતેની શંકા ન જાય બાદમા મૃતદેહ બાવળની ગીચ ઝાડી વચ્ચે પાણીમા કોહવાય ગયેલ હાલતમા મળીઆવતા સદર બનાવ જાહેર થતા આ બાબતે તા.૧૮ ના રોજ ૧૫:૦૦ કલાકે ઘાંટવડ રાઉન્ડ ગુન્હા નંબર–૦૨/૨૦૨૩-૨૪ થી અજાણ્યા ઈસમો સામે ગુન્હો નોંધી આગળની તપાસ વન વિભાગદ્વારા હાથ ધરવામાંઆવી હતી.જેમા નાયબ વન સંરક્ષક ગીર પશ્ચિમ વિભાગ,જુનાગઢ તેમજ એ.સી.એફ. જામવાળા ના સીધા માર્ગદર્શનહેઠળમાત્ર બે દિવસની તપાસમા સદર કેસ ઉકેલવામા વનવિભાગ જામવાળાનેસફળતા મળતા આ ગુન્હા કામના બંન્ને આરોપી (૧)જીતુભાઈ વરસિંગભાઈ પરમાર તથા (૨) વિરભણભાઈ વરસિંગભાઈ પરમાર રે.બંન્ને આણંદપુર વાળા હોવાનુ જણાઈ આવતા તેમની તપાસના કામેપુછપરછ કરી વન વિભાગ દ્વારા આરોપીઓની ધરપકડ કરી નામ. કોડીનાર કોર્ટ સમક્ષ રજુ કરતા નામ. કોર્ટેદ્વારા આરોપીઓની જામીન અરજી નામંજુર કરી બંન્ને આરોપીને હાલ જયુડીશીયલ કસ્ટડીમા જુનાગઢ જેલ હવાલે કરી આપ્યા છે.વન વિભાગને આ ગુન્હો ઉકેલવામા મોટી સફળતા મળી છે.

# ખંભાળીયામાંથી ઝડપાયેલ આલ્કોહોલયુકત સીરપ પ્રકરણમાં પંજાબથી આરોપીને ઝડપી લેતી દેવભૂમિ દ્વારકા પોલીસ








(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતેથી થોડા સમય પૂર્વે ઝડપાયેલી રૂપિયા ૨૬.૨૮ લાખની કિંમતની ૧૫,૬૦૦થી વધુ બોટલ સેલ્ફ જનરેટેડ આયુર્વેદિક સીરપ પ્રકરણમાં ઝડપાયેલા ખંભાળિયાના વેપારી બાદ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે ઊંડાણપૂર્વક તપાસ આદરી અને પંજાબ ખાતે ફેક્ટરી ધરાવતા શખ્સને ઝડપી લઈ, નશાના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો હતો.

ખંભાળિયાના જોધપુર ગેઈટ વિસ્તારમાંથી એલસીબી પોલીસે આયુર્વેદિક સીરપની ૪,૦૦૦ બોટલ ભરેલો એક શંકાસ્પદ આઈસર ટ્રક કબજે કરી, ઊંડાણપૂર્વકની તપાસમાં રૂપિયા ૫.૯૬ લાખની કિંમતની સેલ્ફ જનરેટેડ આલ્કોહોલ યુક્ત સીરપનો જથ્થો કબજે કર્યો હતો.

આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર ભરત નકુમ, ખંભાળિયાના વેપારી ચિરાગ થોભાણી, સુરેશ ભરવાડ તથા સિધ્ધરાજસિંહ ઝાલા દ્વારા આ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિ આચરી હોવાનું ખુલવા પામ્યું હતું. આ પ્રકરણમાં ખંભાળિયાના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી દ્વારા જરૂરી કાર્યવાહી કરી, આ પ્રકારની આલ્કોહોલ યુક્ત પીણાંનું ઉત્પાદન કરતી અમદાવાદ સ્થિત ફેક્ટરી પર દરોડો પાડીને મોટી માત્રાનો અનઅધિકૃત હાલતનો જથ્થો સીઝ કર્યો હતો.

આ પછી ગત તારીખ ૧૦ ઓગસ્ટના રોજ ખંભાળિયા નજીકના ભાણવારી ગામના પાટીયા પાસેથી ઈન્ચાર્જ પી.આઈ. નિકુંજ જોશી તથા ડી-સ્ટાફ દ્વારા નજીક અકરમ નજીર બાનવા નામના શખ્સની દુકાનમાં દરોડો પાડી, અહીંથી પણ સેલ્ફ જનરેટેડ આલ્કોહોલ યુક્ત દવાની આડમાં રાખવામાં આવેલો આલ્કોહોલ યુક્ત પીણાંની રૂપિયા ૨૬.૨૮ લાખની કિંમતનો ૧૫,૬૨૪ બોટલનો જથ્થો કબજે કર્યો હતો. આ શખ્સ દ્વારા પોતાના ભાગીદાર તરીકે ચિરાગ થોભાણીનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે પોલીસે જુદી-જુદી કલમ હેઠળ ત્રણેય આરોપીઓની વિધિવત રીતે ધરપકડ કરી હતી. આ આલ્કોહોલ યુક્ત પીણાંની બોટલો પંજાબ રાજયના સંગુર ખાતે આવેલી નારાયણ હર્બલ નામની ફેક્ટરીમાં તૈયાર થઈ હોવાનું જણાવતા આ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ પી.આઈ. ટી.સી. પટેલ તથા પી.એસ.આઈ. ડી.જી. પરમાર દ્વારા અનુભવી પોલીસ સ્ટાફની ટીમ મારફતે આ પ્રકરણમાં પંજાબના સંગુર તાલુકાના પ્રતાપ નગર ખાતે રહેતા પંકજ બ્રિજમોહન ખોસલા નામના શખ્સની અટકાયત કરી હતી. આરોપી પંકજ ખોસલા હિમાલયા કંપનીમાં ત્રણેક વર્ષ નોકરી કર્યા બાદ તેના અનુભવના આધારે પંજાબના સંગુર ખાતે નારાયણી હર્બલ નામથી આયુર્વેદિક દવા બનાવવાની ફેક્ટરી ઊભી કરી હતી. જેમાં પોતે અમુક બ્રાન્ડની આયુર્વેદિક દવાઓ બનાવતો હતો. સાથેસાથે પોતે છેલ્લા એકાદ વર્ષથી ગુજરાત રાજયના અમુક ગુનાહીત માનસ ધરાવતા લોકોનો સંપર્ક કરી, પોતે સેલ્ફ જનરેટેડ આલ્કોહોલ યુક્ત આયુર્વેદિક દવાની આડમાં ફક્ત આલ્કોહોલ યુક્ત પીણાંનું ઉત્પાદન કરી અને ગુજરાત રાજ્યને ટાર્ગેટ કરી, વેચાણ કરતો હોવાનું ખુલવા પામ્યું હતું.

આ સમગ્ર પ્રકરણમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય દ્વારા વિઝનપૂર્વક કરવામાં આવેલી આ સમગ્ર કામગીરીમાં સતર્કતાને લીધે આ પ્રકારે આંતરરાજ્ય ગેંગ દ્વારા થઈ રહેલા નશાના કારોબારનો પર્દાફાસ કરી, તેઓની ગુનાહિત પ્રવૃત્તિને વેગવંતી બનતી અટકાવવામાં સફળતા મળી છે.

આ પ્રકરણમાં પોલીસે ખંભાળિયાના બંગલાવાડી વિસ્તારમાં રહેતા ચિરાગ લીલાધરભાઈ થોભાણી, શક્તિનગર વિસ્તારમાં રહેતા અકરમ નઝીર બાનવા અને પંજાબના પ્રતાપનગર ખાતે રહેતા પંકજ બ્રિજમોહન ખોસલાની ધરપકડ કરી છે.

નારાયણી હર્બલ ફેક્ટરીના નામથી આરોપી પંકજ ખોસલાએ પંજાબ સરકારના નીતિ-નિયમો મુજબ અમુક ચોક્કસ પ્રકારની આયુર્વેદિક બનાવટ તૈયાર કરવા માટેના લાયસન્સ મેળવ્યા હતા. જેનો હેતુફેર કરી, પોતે આલ્કોહોલ યુક્ત પીણું તૈયાર કરી અને ગુજરાત રાજ્યને ટાર્ગેટ કરી, મહત્તમ માત્રામાં આ પ્રકારની આલ્કોહોલ યુક્ત સીરપની બોટલોનું વેચાણ કરતો હોવાનું જાહેર થયું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે પંજાબ ખાતે પહોંચી અને સિરપની ફેક્ટરી પર દરોડાની કાર્યવાહી કરી, આરોપી શખ્સની અટકાયત કર્યા બાદ અહીંની અદાલતમાં રજૂ કરીને તેને ત્રણ દિવસના રિમાન્ડ પર લીધો હતો.

આ પ્રકરણમાં પોલીસે રૂપિયા ૨૬.૨૮ લાખની કિંમતની ૧૫,૬૨૪ બોટલ સીરપ, રૂ. ૧૫,૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ ફોન તથા રૂપિયા ૨૦,૦૦૦ ની કિંમતનું એક લેપટોપ કબજે કર્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા પંજાબ ખાતે નારાયણી હર્બલ ફેક્ટરીમાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન ૬૫૦૦ લીટર જેટલો ઈથાઈલ (આલ્કોહોલ) નો જથ્થો મળી આવ્યો હતો. જેનાથી આયુર્વેદિક દવાની આડમાં આ જ પ્રકારની આશરે બે થી અઢી લાખ જેટલી આલ્કોહોલ યુક્ત પીણાંની બોટલો તૈયાર કરી અને ગુજરાત રાજયમાં સપ્લાય કરવામાં આવનાર હતી. જે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે અટકાવી હતી. આ ઉપરાંત આ ફેક્ટરીના માલિક-સંચાલકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા બાબતે પંજાબ ખાતેની સંબંધિત સરકારી કચેરીઓને જાણ કરવાની તજવીજ પણ કરવામાં આવી છે.આ મહત્વની કામગીરી કરવા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ સ્ટાફના ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ, એલસીબી પી.આઈ. કે.કે. ગોહિલ, પી.આઈ. ટી.સી. પટેલ, પી.એસ.આઈ. એન.એચ. જોશી, બી.એમ. દેવમુરારી, વી.બી. પિઠીયા, અને ડી.જી. પરમાર સાથે એ.એસ.આઈ. શક્તિસિંહ જાડેજા, પ્રવીણભાઈ ગોજીયા, દિપકભાઈ રાવલીયા, ખીમાભાઈ કરમુર, વિગેરે સ્ટાફ દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી હતી.

## ખંભાળિયાની રેડક્રોસ સેવા સંસ્થા દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો




(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૨

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ઉપક્રમે તાજેતરમાં અહીંની શેઠ કાનજી ચતુ ધર્મશાળા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૪૩ બોટલ એકત્ર થયું હતું. જે અહીંની બ્લડ બેંકને આપવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ડીસ્ટ્રીક્ટ ચેરમેન કિરીટભાઈ મજીઠીયા, પ્રોજેક્ટ ચેરમેન શૈલેષભાઈ કાનાણી, ધૈવતભાઈ બરછા, નંદનભાઈ સીમરીયા, કૌશિકભાઈ બારાઈ, સંજયભાઈ બરછા, કરણ પંચમતીયા, ભરતભાઈ છગ, ચેતનભાઈ સુરેલીયા, નિતેશભાઈ પંચમતીયા તેમજ પંકજભાઈ બાબરીયાએ જહેમત ઉઠાવી હતી. આ સેવાકીય પ્રવૃત્તિ સાથે લલિતભાઈ મજીઠીયાના આર્થિક સહયોગથી દિવ્યાંગ વ્યક્તિને બગલ ઘોડી આપવામાં આવી હતી. આ સેવાકાર્યમાં સહભાગી થવા બદલ સંસ્થાના ચેરમેન કિરીટભાઈ મજીઠીયા તથા શૈલેષભાઈ કાનાણી દ્વારા રકતદાતાઓ સહીત સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ખંભાળિયામાં જરૂરિયાતમંદ પરિવારોને કીટનું વિતરણ કરાયું



(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૨

ખંભાળિયામાં પુરુષોત્તમ માસનિમિત્તે તેમજ હાલ શ્રાવણ માસની શરૂઆતમાં જરૂરિયાતમંદ પરિવારોને જીવન જરૂરીયાતની સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખંભાળિયાની જાણીતી રઘુવંશી સેવા સંસ્થા શ્રી જલારામ અન્નપૂર્ણા ગૃહ દ્વારા ૧૦૦ જરૂરિયાતમંદ પરિવારોને ખાદ્ય સામગ્રી સાથેની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અહીં ખુબ જ નજીવી આવકવાળા રઘુવંશી પરિવારોને ખાસ પરમીટ આપવામાં આવી છે. કીટ વિતરણની આ પ્રવૃત્તિ સતત ૪૧ માં વર્ષે પણ કાર્યરત છે. પરસોત્તમ માસના પર્વ નિમિત્તે રઘુવંશી દાતા સદગૃહસ્થ મુળજીભાઈ પાબારીના આર્થિક સહયોગથી તેમજ શ્રાવણ માસમાં દાતા જમનાદાસ સુંદરજી દાવડા તેમજ ચંપાબેન જમનાદાસ દાવડાના આર્થિક સહયોગથી (હ. જયેન્દ્ર તેમજ કિશોરભાઈ વિઠલદાસ બજરીયા (કાનાણી)ના સહકારથી અત્રે જૂની મહાજનવાડી ખાતે કીટ વિતરણ કરવામાં આવી હતી. આ વિતરણની સમગ્ર વ્યવસ્થા મહેન્દ્રભાઈ કાનાણી, વીનુભાઈ પંચમતિયા, અશોકભાઈ દાવડા તેમજ નિશિલભાઈ કાનાણીએ સંભાળી હતી.

## ખંભાળિયામાં યોગાસન ચેમ્પિયનશિપ યોજાઈ: વિજેતા બાળકોને પુરસ્કૃત કરાયા



(કુંજન રાડીયા દ્વારા)
જામખંભાળિયા, તા.૨૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી જાણીતી સેન્ટ ઝેવિયર્સ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે રવિવારે યોગાસન ચેમ્પિયનશિપ ૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના યુવા રમતગમત વિભાગ દ્વારા માન્યતા પ્રાપ્ત ગુજરાત યોગાસન સ્પોર્ટ્સ એસોસિએશનના માર્ગદર્શન હેઠળ યુવા જી.વાય.એસ.એ.ના જનરલ સેક્રેટરી ઉમંગભાઈના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલી આ યોગ સ્પર્ધામાં ચોક્કસ કેટેગરીના ૧૦૦ કરતા વધુ યોગ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ચેમ્પિયનશિપમાં જજ તરીકે નેશનલ કોચ દિવ્યેશભાઈ રઘોડિયા, નેશનલ કોચ અમિતભાઈ ચોકસી તેમજ મધુબેન લગારીયા દ્વારા નિર્ણાયક તરીકે સેવાઓ આપવામાં આવી હતી. આ ચેમ્પિયનશિપમાં મુખ્ય મહેમાન તરીકે સ્કૂલના ફાધર બેની જોસેફ, નવચેતન ગર્લ્સ સ્કુલના ટ્રસ્ટી દિનેશભાઈ બેરા, ધનાભા જડિયા, મહિલા પ્રભારી રેશ્માબેન ગોકાણી, તાલુકા મહિલા પ્રભારી દીપ્તિબેન પાબારી, સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે યોગ પ્લેયરનો ઉત્સાહ વધાર્યો હતો. આ ચેમ્પિયનશિપમાં વિજેતા ખેલાડીઓને મેડલ તથા સર્ટિફિકેટ વડે સન્માનિત કરાયા હતા. જે આગામી સ્ટેટ ચેમ્પિયનશિપમાં ભાગ લેશે.

## ખંભાળિયાની ગ્રામ્ય શાળાની વિદ્યાર્થીનીઓએ બનાવેલી રાખડીઓ સેનાના જવાનોને મોકલાઈ



(કુંજન રાડીયા દ્વારા)
જામખંભાળિયા, તા.૨૨

ખંભાળિયા તાલુકાના વડાલીયા સિંહણ ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળાની બાળાઓ દ્વારા તાજેતરમાં પોતાના હાથે રાખડીઓ બનાવવામાં આવી હતી વિદ્યાર્થીનીઓ દ્વારા બનાવવામાં આવેલી આ રાખડીઓ જમ્મુ - કશ્મીરમાં દેશની સુરક્ષાની ફરજ પર રહેલા જવાનોને મોકલવામાં આવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# બિહારમાં ઊંડાં જતાં આતંકનાં મૂળ

તાજેતરમાં જ બિહારના મધુબની જિલ્લાના રહેનારા મોહંમદ એહતેશામને દિલ્હી એરપોર્ટ પર પકડવામાં આવ્યો. તે અફઘાનિસ્તાન ભાગવાની તૈયારીમાં હતો. પ્રતિબંધિત આતંકી સંગઠન પીએફઆઈ (પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા)ના સદસ્ય યાકુબ ખાનને પણ બિહારના પૂર્વ ચંપારણના એક મદરસામાંથી ધરપકડ કરવામાં આવી હતી. ગયા વર્ષે જ્યારે પીએફઆઈ સંબંધિત સમાચાર આવી રહ્યા હતા તો તેમાં પટના એરપોર્ટ સાથે જોડાયેલા ફુલવારી શરીફ ઉપરાંત પૂર્વ ચંપારણે અને પુર્ણિયાનું પણ નામ આવ્યું હતું. પુર્ણિયા જિલ્લો પીએફઆઈનું મુખ્યાલય હતો તો પૂર્વ ચંપારણ તેનું ટ્રેનિંગ સેન્ટર. ૨૭ ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ નરેન્દ્ર મોદીના પટના આગમન પર ગાંધી મેદાનમાં થયેલા વિસ્ફોટને કારણે કેન્દ્રીય એજન્સીઓ સતર્ક હતી. પરિણામે ૨૦૨૨માં વડાપ્રધાન મોદી જ્યારે બિહાર આવ્યા તો તેના એક દિવસ પહેલાં એનઆઈએએ ફુલવારી શરીફથી જલાલુદ્દીન અને અતહર પરવેઝની ધરપકડ કરી લીધી. શિક્ષણના નામે આ બંને યુવાઓને જેહાદ તરફ ધકેલી રહ્યા હતા. આ જ પ્રકારે ૨૦૧૬માં ઝાકિર નાઈક અને અસદુદ્દીન ઓવૈસીના સમર્થનમાં પીએફઆઈએ પટનામાં એક સરઘસ કાઢ્યું હતું જેમાં પાકિસ્તાનના સમર્થનમાં નારા લગાવવામાં આવ્યા. ૨૦૨૧માં ત્રિપુરાની ઘટનાને લઈને પણ ફુલવારી શરીફમાં એસડીપીઆઈ (સોશ્યલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા)ના આહ્વાન પર એક અરાજક સરઘસ કાઢવામાં આવ્યું હતું.

આતંકવાદીઓની બિહારી લિંક હંમેશથી ચર્ચામાં રહી છે. દેશમાં બનેલ તમામ આતંકી ઘટનાઓના તાર બિહાર સાથે જોડાતા રહ્યા છે. ફુલવારી શરીફ ઘટનામાં ધરપકડ કરાયેલા અતહર પરવેઝે એનઆઈએના પૂછતાં સ્વીકાર્યું હતું કે તેની ધરપકડથી ચાર-પાંચ મહિના પહેલાં તે એટીએસ ઓફિસ ગયો હતો તથા એટીએસના બે પદાધિકારી તેના સંપર્કમાં હતા. બિહાર પોલીસે આ સમાચારનું ના તો ખંડન કર્યું કે ના એ જણાવ્યું કે તે બે પદાધિકારી કોણ હતા. ૨૦૦૬માં મુંબઈ એટીએસે મુંબઈ ટ્રેન વિસ્ફોટમાં મધુબનીના મોહંમદ કલમ અને ખાલિદ શેખની ધરપક કરી હતી. ૨૦૦૯માં દિલ્હી વિસ્ફોટમાં મધુબનીના મોહંમદ મદની, ૨૦૦૮માં રામપુરના સીઆરપીએફ કેમ્પમાં થયેલ વિસ્ફોટમાં મધુબનીના સબાહુદ્દીન, ૨૦૧૧માં મધુબનીના જ અફઝલ અને ગુલ અહમદની ધરપકડ બાદ સમાચાર પત્રોમાં આતંકવાદના 'મધુબની અને દરભંગા મોડ્યુલ'ની ચર્ચા પણ શરૂ થઈ ગઈ હતી. મે ૨૦૧૨માં કર્ણાટક પોલીસે બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમ વિસ્ફોટ સંબંધે દરભંગાના મો.કફિલની ધરપકડ કરી હતી. એના પર બિહાર વિધાનસભાની અંદર એક પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું કે કર્ણાટક પોલીસે લઘુમતી વર્ગના લોકોને બિહાર પોલીસને કહ્યા વિના જ ધરપકડ કરી. અખબારોમાં 'દરભંગા અને મધુબની મોડ્યુલ' લખવાની પણ નિંદા કરી. મુખ્યમંત્રી દ્વારા ૨૦૧૨માં કર્ણાટકની ભાજપ સરકાર વિરુદ્ઘ કરવામાં આવેલ ટિપ્પણી ૨૦૧૩માં ભાજપ સાથે સંબંધ વિચ્છેદનો કોઈ પૂર્વ સંકેત તો ન હતો?

૨૦૨૧માં થયેલ દરભંગા ટ્રેન વિસ્ફોટની તપાસ એનઆઈએ કરી રહી હતી. આ જ ક્રમમાં ૨૦૨૨માં વડાપ્રધાન મોદીના બિહાર આગમનના એક દિવસ પહેલાં ફુલવારી શરીફમાં એનઆઈએએ કાર્યવાહી કરી. આ ઘટના બાદ રાષ્ટ્રપતિના શપથ ગ્રહણ અને નીતિ આયોગની બેઠકથી મુખ્યમંત્રીની ગેરહાજરીએ ભાવિ રાજનીતિના સંકેત આપી દીધા. ફુલવારી શરીફની ઘટના બાદ બિહારમાં રાજકીય પરિવર્તન થયું હતું. ભાજપ સાથે સંબંધ વિચ્છેદ કરતાં મુખ્યમંત્રી નીતિશ કુમારે એ સ્વીકાર કર્યો કે સમાજમાં વિવાદ પેદા કરવાનો પ્રયાસ તેમને સારો નહોતો લાગતો. સવાલ એ છે કે કાય વિષયને લઈને કોણ વિવાદ પેદા કરી રહ્યું હતું? લાગે છે કે બિહારનું પ્રશાસનિક તંત્ર આતંકવાદ પ્રત્યે ગંભીર નથી. ગાંધી મેદાન વિસ્ફોટની તપાસ એનઆઈએને આપવાનો તેણે વિરોધ કર્યો હતો. વિસ્ફોટ બાદ મુખ્યમંત્રી કહ્યું હતું કે ગુપ્તચર વિભાગ (આઈબી)એ કોઈ પૂર્વસૂચના નહોતી આપી. મુખ્યમંત્રીના દાવાને ફગાવતાં આઈબીએ આ કહ્યું હતં કે રાજ્ય સરકારને તેની પહેલાં માહિતી આપવામાં આવી હતી. ફુલવારી શરીફની ઘટના બાદ પટનાના તત્કાલીન એસએસપી માનવજીત સિંહ ઢિલ્લોંએ પીએફઆઈની તુલના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે કરી હતી. તેમના નિવેદનના આધાર પર કહી શકાય કે રાજ્યનું પોલીસ-પ્રશાસન આતંકવાદને ગંભીરતાથી નથી લેતું. કાયદો-વ્યવસ્થા રાજ્યનો વિષય છે, પરંતુ લોકતંત્રમાં રાજ્યની સત્તાનું સંચાલન કરનાર વોટબેંકની રાજનીતિને કારણે કડક પગલાં ભરતાં ખચકાય છે.

આજે રાષ્ટ્રીય સુરક્ષા સામે ઈસ્લામિક અને વામપંથી ચરમપંથનો ખતરો વધતો જાય છે. ફુલવારી શરીફમાં આતંકવાદીઓથી પ્રાપ્ત દસ્તાવેજમાં ૨૦૪૭ તો માઓવાદીઓથી પ્રાપ્ત દસ્તાવેજોમાં ૨૦૫૦માં ભારત પર કબ્જો કરવાના તેમના મનસૂબાનો પર્દાફાશ થયો છે. પીએફઆઈ પર પ્રતિબંધ બાદ આશા હતી કે બિહાર સરકાર વ્યાપક સ્તર પર અભિયાન ચલાવશે, પરંતુ એવું કશું ન થયું. પીએફઆઈએ પોતાનું મુખ્યાલય સંવેદનશીલ પુર્ણિયામાં ખોલ્યું હતું. મુઝફ્ફરપુર સાથે જોડાયેલ મોતિહારી જિલ્લામાં પીએફઆઈના ટ્રેનિંગ સેન્ટર સંબંધી ફોટોને મીડિયાએ દેખાડ્યો પણ હતો. આ જગ્યાએ મોટા પાયે છાપામારીની જરૂર હતી, પરંતુ ન કરવામાં આવી. જે રીતે સિમી પર પ્રતિબંધ બાદ આતંકવાદીઓએ એક નવા નામ પીએફઆઈ અંતર્ગત પોતાના સંગઠનને જીવતું રાખ્યું, એ જ પ્રકારે પીએફઆઈ પર પ્રતિબંધ બાદ તેઓ કયા બેનરથી સક્રિય છે, તેની તપાસ કરવાની જરૂર છે. બારુદના ઢગલા પર બેઠેલા બિહારને ગંભીરતાથી લેવાની જરૂર છે.

# ઉત્તર ગુજરાતના પાંચ યાત્રાધામો સૌર ઊર્જા સંચાલિત બન્યા



મહેસાણા,તા.૨૨

ભગવાન શિવની પૂજા-અર્ચના કરવા માટેના શ્રેષ્ઠ એવા પવિત્ર શ્રાવણ માસનો આજે પ્રથમ સોમવાર છે. ત્યારે ગુજરાતના મંદિરોમાં આજે ભક્તિમય માહોલ જોવા મળ્યો છે. ગુજરાતના મંદિરો જેટલા સમૃદ્ધ છે, એટલા જ સુવિધાના મામલે આગળ પડતા છે. ગુજરાતના મંદિરોમાં વર્લ્ડ ક્લાસ સુવિધાઓ પણ જોવા મળે છે. જે આશ્ચર્ય પમાડે. ત્યારે આ માહિતી બહુ ઓછા ભક્તોને ખબર હશે કે, ઉત્તર ગુજરાતના ૫ પ્રસિદ્ધ યાત્રાધામો સૌર ઊર્જા સંચાલિત છે. બહુચરાજી, અંબાજી, શામળાજી, મોઢેશ્વરી મંદિર અને ઊંઝા ઉમિયા ધામ સૌર ઊર્જા સંચાલિત છે. ઉત્તર ગુજરાતના આ ૫ યાત્રાધામો ૩૯૮ કિલો વોટ ક્ષમતાની સોલર રુફટોપ સિસ્ટમ લગાવાઈ છે. સૌર ઉર્જાથી આ યાત્રાધામો દર વર્ષે ૨૧.૬૦ કરોડની વીજ બચત કરે છે. મહેસાણા જિલ્લોએ દેશમાં પ્રથમ સોલર વિલેજના કારણે સમગ્ર વિશ્વમાં નામના મેળવી છે ત્યારે વધુ એક સોલર ક્ષેત્રે સમગ્ર ઉત્તર ગુજરાતે ઝળહળતી સિદ્ધી મેળવી છે. ખુશીની વાત એ છે કે, ગુજરાતના યાત્રાધામ પણ સોલાર સંચાલિત છે. જે બતાવે છે કે, ગુજરાતના યાત્રાધામો પણ કેટલા આધુનિક છે. દેશના પ્રથમ એવા મોઢેરા સોલર વિલેજનું હમણાંજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્‌ઘાટન કર્યું.

મોઢેરા દેશનું એવું પ્રથમ ગામ છે કે જ્યાં સૂર્ય મંદિર સાથે આખું ગામ સૌર ઊર્જા ઉતપન્ન કરી વીજ પુરવઠાની બચત કરી હાલની વીજળીની અછત વચ્ચે ઉત્તમ ઉદાહરણ આપી રહ્યું છે. ત્યારે આવું જ એક પ્રેરણાદાયી કામ બહુચરાજી મંદિરનું છે. શક્તિપીઠ બહુચરાજી સમગ્ર મંદિર સોલર રુફટોફથી સજ્જ બન્યું છે. મન્દિર પરિસર સૌર ઉર્જાથી સજ્જ થતા સમગ્ર મંદિરના લાઈટબીલ તો બચ્યું છે સાથે સાથે વધારા નું વીજ ઉત્પાદન થતા તેમાંથી આવક પણ થઈ રહી છે. હાલમાં વીજળી ઉત્પન્ન કરવા થતો અઢળક ખર્ચ અને કોલસાની અછત વચ્ચે વીજ કટોકટી સર્જાવાની ઘટનાઓ જોવા મળી રહી છે ત્યારે કુદરતની દેન એવા સૌર ઊર્જાના વિકલ્પ થી આ સમસ્યા ચોક્કસથી નિવારી શકાય છે અને તે માટે માત્ર જરૂર છે પહેલની. બસ આજ બાબતે પવિત્ર યાત્રાધામ બહુચરાજી મંદિર ટ્રસ્ટ દ્વારા સોલર રુફટોપ લગાવી બચત સાથે આવક મેળવી અન્ય સામાજિક સંસ્થાઓ તેમજ દેવસ્થાનો માટે પ્રેરણાદાઈ પહેલ પણ કરી છે. હાલમાં મંદિર હસ્તકના બહુચરાજી મંદિર, વલ્લભ ભટ્ટ વાવ, યાંત્રિક ભવન તેમજ ભોજનાલય પર ૧૦૫ દ્વરવોટ ધરાવતી સોલર રુફટોપ સિસ્ટમ ઉભી કરી સમગ્ર સંચાલન હાથ ધર્યું છે. અને વર્ષે ૫ થી ૭ લાખ વીજ ખર્ચની બચત પણ થઈ રહી છે. શ્રાવણ માસના પ્રથમ સોમવારે જ શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા છે. સોમનાથ, જૂનાગઢ, વડોદરા, રાજકોટ, અમદાવાદ, સુરત સહિતના સ્થળોએ આવેલા શિવજીના મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. ભક્તો વહેલી સવારથી જ મહાદેવના મંદિરે દર્શન માટે ઉમટ્યા. ભકતો આખા શ્રાવણ માસ દરમિયાન ભગવાન ભોળાનાથની પૂજા અર્ચના કરે છે. તેમને દૂધ અને બિલિપત્ર ચઢાવે છે. લોકો ભગવાન શિવને રિઝવવા શ્રાવણ માસના ઉપવાસ પણ કરે છે. ત્યારે શ્રાવણ માસના સોમવારનો વિશેષ મહત્વ રહેલું છે.

શ્રાવણ મહિનામાં આવતા સોમવારે વ્રત કરવાથી ભગવાન શિવ અને માતા પાર્વતી પ્રસન્ન થાય છે અને દરેક મનોકામના પૂર્ણ કરે છે એવું માનવામાં આવે છે. શ્રાવણ માસમાં ભગવાન શિવ અને પાર્વતીની પૂજા-અર્ચના કરવાથી સુખ, સમૃદ્ધિ અને સૌભાગ્ય વધે છે.

# રક્ષાબંધનની તારીખ અને મુહૂર્ત, આ સમય સુધી ભદ્રાના કારણે રાખડી બાંધવી અશુભ અને ફળદાયી




રક્ષાબંધનનો તહેવાર ભાઈ અને બહેન વચ્ચેના પ્રેમનું પ્રતિક છે. આ વર્ષે રક્ષાબંધનની તારીખ અને શુભ મુહૂર્તને લઈને ઘણી મૂંઝવણ છે. આ સાથે ચાલો જાણીએ કે રાખડી બાંધવાનો શુભ સમય ક્યારે અને કેટલો સમય છે. શ્રાવણ શરૂ થતાં જ બહેનો આ મહિનાની પૂર્ણિમાની રાહ જોવા લાગે છે. આ મહિનાની પૂર્ણિમા પર તેણી તેના ભાઈઓને જમણા કાંડા પર દોરો બાંધે છે. તેઓ માત્ર તેમના રક્ષણની ઈચ્છા નથી રાખતી પણ પ્રગાઢ સંબંધોની પણ કામના કરે છે. રક્ષાબંધનનો તહેવાર સાવન મહિનાની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસે બહેનો તેમના ભાઈના કાંડા પર રાખડી બાંધે છે અને તેમની રક્ષા માટે કામના કરે છે. રક્ષાબંધનની પરંપરા પ્રાચીન સમયથી ચાલતી આવે છે. આ વખતે રક્ષાબંધનની તારીખને લઈને મૂંઝવણ છે કે રક્ષાબંધન ૩૦મી કે ૩૧મી ઓગસ્ટે કયા દિવસે ઉજવવામાં આવશે. આ સાથે જ આ દિવસે ભદ્રાનો છાયા પણ છે, તો ચાલો જાણીએ કે કયા દિવસે અને કયા શુભ મુહૂર્તમાં રાખડી બાંધવી શ્રેષ્ઠ રહેશે.

ભદ્રામાં કેટલાક સંસ્કારો અને કાર્યો વર્જિત છે, જેમાંથી એક રક્ષાબંધન છે. તેથી જ ભદ્રા વિશે જાણવું જરૂરી છે.

જ્યારે ચંદ્ર કર્ક, સિંહ, કુંભ અથવા મીન રાશિમાં હોય છે ત્યારે ભદ્રા પૃથ્વી પર રહે છે. જ્યારે ચંદ્ર મેષ, વૃષભ, મિથુન અથવા વૃશ્ચિક રાશિમાં હોય છે ત્યારે ભદ્રા સ્વર્ગમાં રહે છે. જ્યારે ચંદ્ર કન્યા, તુલા, ધનુ કે મકર રાશિમાં સ્થિત હોય ત્યારે ભદ્રા પાતાળ લોકમાં રહે છે. ભદ્રા જ્યાં રહે છે તે જગતમાં અસરકારક રહે છે. આમ, જ્યારે ચંદ્ર કર્ક, સિંહ, કુંભ અથવા મીન રાશિમાં હોય ત્યારે જ તેની અસર પૃથ્વી પર થશે અન્યથા નહીં.

સાવન પૂર્ણિમા ૩૦ ઓગસ્ટે સવારે ૧૦.૫૮ કલાકે શરૂ થશે. આ સમયે વિષ્ટિ કરણ ચાલુ રહેશે. આ દિવસે સવારે ૧૦.૧૯ કલાકે ચંદ્ર કુંભ રાશિમાં પ્રવેશ કરશે. એટલે કે ભદ્રા પૃથ્વી પર નિવાસ કરશે. ૩૦ ઓગસ્ટે રાત્રે ૯.૦૦ કલાકે વિષ્ટિ કરણ ૧ મિનિટ સુધી ચાલુ રહેશે. આ પછી બદલાઈ જશે. ૩૧ ઓગસ્ટના રોજ સવારે ૦૭.૦૭ વાગ્યા સુધી પૂર્ણિમા રહેશે. જો કે આ સમયે ચંદ્ર પણ કુંભ રાશિમાં રહેશે, પરંતુ વિષ્ટિ કરણ રહેશે નહીં. એટલા માટે ૩૧ ઓગસ્ટના રોજ સવારે ૭:૦૦ વાગ્યા પહેલા રક્ષા સૂત્ર બાંધવાનો શ્રેષ્ઠ સમય છે.

દેવાસુર સંગ્રામમાં એક સમય એવો પણ આવ્યો જ્યારે એવું લાગતું હતું કે હવે દેવતાઓની હાર નિશ્ચિત છે. બધા દેવતાઓ ચિંતિત થઈને ગુરુ બૃહસ્પતિ પાસે ગયા. યોગાનુયોગ ઈન્દ્રાણી પણ દેવ અને બૃહસ્પતિ વચ્ચેની વાતચીત સાંભળી રહી હતી. તેના આધારે, તેણીએ નક્કી કર્યું કે હું સંપૂર્ણ કાયદા સાથે તે સંરક્ષણ ફોર્મ્યુલા બનાવીશ જે ઈન્દ્રનું રક્ષણ કરી શકે. તેણે રક્ષા સૂત્ર તૈયાર કરીને બ્રાહ્મણોને આપ્યું અને ઈન્દ્રના કાંડા પર બાંધવા કહ્યું. બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરતી વખતે ઈન્દ્રના કાંડા પર રક્ષા સૂત્ર બાંધે છે. પરિણામે ઈન્દ્ર યુદ્ધ જીતી ગયા. ત્યારથી દર વર્ષે સાવન પૂર્ણિમાના દિવસે તેને ઉજવવાની પરંપરા શરૂ થઈ. જો તમે તબીબી મહત્વ પર નજર નાખો તો તે છે કે તે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે. ભવિષ્ય પુરાણમાં કહેવામાં આવ્યું છે કે આ સમયે પહેરવામાં આવેલ રક્ષા સૂત્ર વર્ષના અંત સુધી તમામ રોગોથી રક્ષણ આપે છે.

# ભારતીય CEOનો વિદેશમાં દબદબો, કોઈ યુપીના તો કોઈ દિલ્હીના



વિશ્વભરમાં આઈટી ક્ષેત્રમાં ભારતીય પ્રતિભાની ખૂબ માંગ છે. ખાસ કરીને અમેરિકન ટેક સેક્ટરમાં ઘણા ભારતીય એન્જિનિયરો વર્ષોથી કામ કરી રહ્યા છે અને દર વર્ષે મોટી સંખ્યામાં પહોંચે છે. જેમાં સુંદર પિચાઈ, સત્ય નડેલા, સંજય મેહરોત્રા, અનિરુદ્ધ દેવગન સહિત અનેક નામ સામેલ છે.

અમે તમને અમેરિકામાં રહેતા આ અનુભવી ભારતીય સીઈઓના સેલરી પેકેજ વિશે જણાવવા જઈ રહ્યા છીએ. આ લોકોનો વાર્ષિક પગાર નાની કંપનીના ટર્નઓવર જેટલો છે. જાણો આ અનુભવી સીઈઓ પગાર તરીકે કેટલી કમાણી કરે છે.

**ceoworld.biz** એ અમેરિકન ટેક સેક્ટરના સીઈઓ પર એક રિપોર્ટ બનાવ્યો, જેમાં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ પ્રથમ સ્થાન પર છે. તેમનું વાર્ષિક પગાર પેકેજ ઈ૨૨૫.૯ મિલિયન છે. ભારતીય રૂપિયામાં, આ રકમ રૂ. ૧૮,૭૮૩,૦૭૪,૭૦૦ (દિવસના રૂ. ૫ કરોડથી વધુ) છે. તે જ સમયે, બેરી મેકકાર્થી સુંદર પિચાઈથી બીજા નંબર પર છે જેમનું પેકેજ ઈ ૧૬૮ મિલિયન છે. માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલા પણ આ યાદીમાં છે, જેમનું સેલેરી પેકેજ ઈ૫૪.૯ મિલિયન એટલે કે ૪૫૬૭૩૫૦૬૦૦ રૂપિયા છે. સીઈઓ બનતા પહેલાં સત્ય નડેલા માઈક્રોસોફ્ટના ક્લાઉડ અને એન્ટરપ્રાઈઝ ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ હતા.

**Zscaler CEO** જય ચૌધરીનું પગાર પેકેજ ઈ૪૧.૫ મિલિયન એટલે કે રૂ. ૩૪૫૨૫૫૧૦૦૦ છે. ઢજષ્ઠટ્ઠઙ્મીિ એ જય ચૌધરીના નેતૃત્વ હેઠળની ક્લાઉડ સિક્યુરિટી કંપની છે.

**Cadence Design Systems**ના સીઈઓ અનિરુદ્ધ દેવગનનું વાર્ષિક પગાર પેકેજ ઈ૩૨.૨ મિલિયન એટલે કે રૂ. ૨ અબજ ૬૮ લાખ છે. ગણતરી પર, તે દરરોજ લગભગ ૭૩ લાખ રૂપિયા થાય છે. અનિરુદ્ધનું શિક્ષણ દિલ્હીની સ્કૂલ અને આઈઆઈટીમાંથી થયું છે.

માઈક્રોન ટેકનોલોજીના સીઈઓ સંજય મેહરોત્રાનું સેલરી પેકેજ ઈ૨૮.૮ મિલિયન એટલે કે રૂ. ૨,૩૯૩,૫૨૪,૬૫૬ છે. ૨૭ જૂન ૧૯૫૮ના રોજ ઉત્તર પ્રદેશના કાનપુરમાં જન્મેલા સંજય મેહરોત્રા ટેકનોલોજીની દુનિયામાં જાણીતું નામ છે.

શાંતનુ નારાયણ ડિસેમ્બર ૨૦૦૭ થી ફોટોશોપ બનાવતી છર્દ્બહ્વી ના ચેરમેન અને ઝઈં છે. શાંતનુ નારાયણ વિશ્વના સૌથી વધુ પગાર મેળવનારા એક્ઝિક્યુટિવ્સમાંના એક છે. ૨૦૨૨માં તેમને ૩૧ મિલિયન ડોલર એટલે કે લગભગ ૨૫૬ કરોડ રૂપિયા પગાર મળ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

લેને કો સત નામ હૈ, દેને કો અન્નદાન, તરને કો આધિનતા ડુબને કો અભિમાન

- સંત કબીર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ સુદ-૬ મંગલાગૌરી પૂજન, ભગવાન શ્રી કલ્કી જયંતિ, રાંધણ છઠ્ઠ તા.૨૨ ઓગષ્ટ ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૫, ચિત્રા નક્ષત્ર, શુક્લ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૩૧, સૂ.અ.૭:૧૭

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (૨ ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આરોગ્ય બાબતે સંભાળવું. મહેનત બાદ સફળતા મળે.
વૃષભ: સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. કાર્ય સિધ્ધિ મળે.
મિથુન: પરિવારમાં આનંદનું વાતાવરણ રહે. આર્થિક પ્રગતિ થાય.
કર્ક: સ્વજનોથી મિલન-મુલાકાત થાય. આનંદમય દિવસ વ્યતિત થાય.
સિંહ: કાર્યબોજમાં વધારો થાય. સંતાનો અંગે ચિંતા રહે.
કન્યા: મહત્વના કાર્યમાં વિઘ્ન આવે. લાભની આશા ઠગારી નીવડે.
તુલા: લાભની તક અટકે, દિવસભર વ્યર્થ ચિંતા રહે.
વૃશ્ચિક: મહત્વના પ્રશ્નો મુંઝવે, કાર્ય સફળ થાય.
ધન: વિરોધીઓથી સાવધ રહેવું. આર્થિક ચિંતાનો ઉકેલ થાય.
મકર: ધાર્યા કાર્યમાં વિઘ્ન આવે. નુકશાનનો પ્રસંગ બને.
કુંભ: અગત્યના કાર્યો પાર પડે. મનની મુરાદ બર આવે.
મીન: મનની મનોકામના પૂર્ણ થાય. આરોગ્ય બાબતે સંભાળવું.

## શ્રાવણ સત્સંગ

# ગર્ગાચાર્યજીની શિવ-ઉપાસના



મહર્ષિ ગર્ગાચાર્યજી આંગિરસ ગોત્રમાં જન્મ્યા હતા. તેઓ એક સુપ્રસિધ્ધ મન્ત્ર દ્રષ્ટા ઋષિ હતા. ઋગ્વેદના ૬/૪૭ સુક્તના દ્રષ્ટા ગર્ગાચાર્યજી જ છે. ગર્ગાચાર્યજીનો સુપ્રસિધ્ધ આશ્રમ કુરુક્ષેત્ર પ્રદેશમાં દેવનદી સરસ્વતીના તટ પર હતો.

ગર્ગાચાર્યજીએ આ આશ્રમમાં રહી ઉગ્ર તપસ્યા વડે જ્યોતિષ શાસ્ત્રના જ્ઞાનની પ્રાપ્તિ કરી અને જ્યોતિષ શાસ્ત્રના ઉત્તમ ગ્રંથોની રચના કરી. જેમાં 'ગર્ગ સંહિતો' નામના પરમ પવિત્ર ઐતિહાસિક ગ્રંથનો પણ સમાવેશ થાય છ. આ ગર્ગાચાર્યજી પરમ શિવભક્ત હતા. તેઓ મહારાજ પૃથુ અને યદુવંશીઓના ગુરૂ અને કુલપુરોહિત હતા. ભગવાન શ્રી કૃષ્ણની કુંડળી તેમણે બનાવી તેનો ફળાદેશ કરેલો. ગોત્રકાર ઋષિઓમાં પણ તેમની વિશિષ્ટ રૂપથી ગણના થાય છે.

ભગવાન શિવજીમાં અતુટ શ્રધ્ધા રાખી તેમની ભકિત કરનારા ગર્ગાચાર્યજીએ ભગવાન શિવજીની આરાધના વડે જ શ્રેષ્ઠ જ્ઞાનની પ્રાપ્તિ કરી હતી.

મહાભારતના અનુશાસન પર્વની કથા પ્રમાણે તેમણે પવિત્ર સરસ્વતી નદીના તટ પર શિવજીને પ્રસન્ન કરવા માટે માનસ યજ્ઞ કર્યો. ગર્ગાચાર્યજીના આ માનસ યજ્ઞની ભગવાન શિવજી અત્યંત સંતુષ્ટ થઈ પ્રસન્ન થયા. જ્યારે શિવજીએ ગર્ગાચાર્યજીને વરદાન માગવા કહ્યુ ત્યારે ગર્ગાચાર્યજીએ દેવાધિદેવ મહાદેવ પાસે બે હાથ જોડી સ્તુતી કરી, પછી જ્ઞાન પ્રાપ્તિ માટે વિંનતી કરી.

ભગવાન શિવજીએ મહર્ષિ ગર્ગાચાર્યજીને પ્રસન્નચિત્તે ચોસઠ કળાઓનું અદ્‌ભુત જ્ઞાન પ્રદાન કરી આર્શિવાદ આપ્યા. શિવજીની કૃપાથી જ તેમને એક સરખા સહસ્ત્ર બ્રહ્મવાદી પુત્રોની પ્રાપ્તી થઈ. પુત્રો સહિત દસ લાખ વર્ષનું આયુષ્ય તેમને પ્રાપ્ત થયું.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**દેવેન કનકચંદ્ર વ્યાસ**

### G-20 આરોગ્ય મંત્રીઓની બેઠકને સંબોધતા વડાપ્રધાન મોદીનું આહ્‌વાન

# આગામી આરોગ્ય કટોકટીને રોકવા, તેના માટે તૈયાર રહેવા તથા પ્રતિસાદ આપવા સજ્જ થઈએ

## સ્વાસ્થ્ય એ અંતિમ સંપત્તિ છે અને સારા સ્વાસ્થ્ય સાથે દરેક કાર્ય પૂર્ણ થઈ શકે છે : વર્ષ ૨૦૨૩ના વૈશ્વિક લક્ષ્યાંકથી ઘણી આગળ ટીબી નાબૂદી હાંસલ કરવાના માર્ગે અમે અગ્રેસર છીએ : મોદી



ગાંધીનગર, તા.૨૨

વડા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વીડિયો મારફતે ગાંધીનગરમાં આયોજિત જી૨૦ સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકને સંબોધન કર્યું હતું. વડાપ્રધાનો સંબોધના વેળાએ ભારતમાં હેલ્થકેર ક્ષેત્ર સાથસંકળાયેલા ૨.૧ મિલિયન ડોક્ટર્સ, ૩૫ લાખ નર્સો, ૧.૩ મિલિયન પેરામેડિક્સ, ૧.૬ મિલિયન ફાર્માસિસ્ટ્સ અને લાખો અન્ય લોકો વતી મહાનુભાવોનુંસ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપિતાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ગાંધીજી સ્વાસ્થ્યને એટલો મહત્ત્વપૂર્ણ મુદ્દો માનતા હતા કે તેમણે આ વિષય ઉપર 'સ્વાસ્થ્યની ચાવી' નામનુંપુસ્તક લખ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સ્વસ્થરહેવું એટલે વ્યક્તિના મન અને શરીરને સંવાદિતા અને સમતોલનની સ્થિતિમાં રાખવું, એટલે કે સ્વાસ્થ્ય એ જ જીવનનો પાયો છે. પ્રધાનમંત્રીએ સંસ્કૃતમાં એક શ્લોકનું પઠન પણ કર્યુંહતું, જેનો અર્થ હતો-'સ્વાસ્થ્ય એ અંતિમ સંપત્તિ છે અને સારા સ્વાસ્થ્યસાથે દરેક કાર્ય પૂર્ણ થઈ શકે છે.' વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ રોગચાળાએ આપણને યાદ અપાવ્યું છે કે, આપણા નિર્ણયોના કેન્દ્રમાં આરોગ્ય હોવું જોઈએ. સમય આપણને આંતરરાષ્ટ્રીય સહકારનું મૂલ્ય પણ દર્શાવે છે પછી ભલે તે દવા અને રસીની ડિલિવરીમાં હોય કે પછી આપણા લોકોને સ્વદેશપરત લાવવામાં હોય. તેમણે કહ્યું હતું કે, વૈશ્વિક સ્વાસ્થ્ય વ્યવસ્થા સ્થિતિ સ્થાપક હોવી જોઈએ. આપણે આગામી આરોગ્ય કટોકટીને રોકવા, તૈયારી કરવા અને પ્રતિસાદ આપવા માટે તૈયાર રહેવું જોઈએ. આજની એકબીજા સાથે જોડાયેલી દુનિયામાં આ ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે. જેમ કે આપણે રોગચાળા દરમ્યાન જોયું, વિશ્વના એક ભાગમાં આરોગ્યની સમસ્યાઓ ખૂબ જ ટૂંકા સમયમાં વિશ્વના અન્ય ભાગોને અસર કરી શકે છે.

'ભારતમાં અમે સંપૂર્ણ અને સર્વસમાવેશક અભિગમને અનુસરી રહ્યા છીએ.' તેમ જણાવતા તેમણે કહ્યું હતું કે, અમે સ્વાસ્થ્ય સાથે સંબંધિત માળખાગત સુવિધાઓનું વિસ્તરણ કરી રહ્યા છીએ, ચિકિત્સાની પરંપરાગત પદ્ધતિઓને પ્રોત્સાહન આપી રહ્યા છીએ અને તમામને વાજબી ખર્ચે હેલ્થકેર પ્રદાન કરી રહ્યા છીએ. આ વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીયબાજરી વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. બાજરી ભારતમાં જાણીતી છે, તેના ઘણા સ્વાસ્થ્ય લાભો છે. તેમણે ઉમેર્યુંહતું કે, અમે માનીએ છીએ કે સંપૂર્ણ સ્વાસ્થ્યઅને સુખાકારી દરેકની લવચિકતા વધારવામાં મદદરૂપ થઈ શકે છે. જામનગરમાં ડબ્લ્યૂએચઓ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપના આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. પરંપરાગત ચિકિત્સા ઉપર ડબ્લ્યૂએચઓ ગ્લોબલ સમિટનઆયોજન તેની સંભવિતતાનો ઉપયોગ કરવાના પ્રયાસોને વધુ તીવ્ર બનાવશે. પરંપરાગત દવાઓનો વૈશ્વિક ભંડાર બનાવવાનો આ આપણો સંયુક્ત પ્રયાસ હોવો જોઈએ.

સ્વાસ્થ્ય અને પર્યાવરણ સજીવ રીતે જોડાયેલા છે એ વાત ઉપર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, એન્ટિ-માઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (એએમઆર)ના જોખમને પહોંચી વળવા માટે લેવામાં આવેલા પગલા પણ પ્રશંસનીય છે. એએમઆર વૈશ્વિક સ્તરે જાહેર સ્વાસ્થ્ય અને અત્યાર સુધી ફાર્માસ્યુટિકલક્ષેત્રે થયેલી તમામ પ્રગતિઓ માટે ગંભીર જોખમ છે. તેમણે જી-૨૦ હેલ્થ વર્કિંગ ગ્રુપે 'એક સ્વાસ્થ્ય'ને પ્રાથમિકતા આપી છે એ બાબતે ખુશી વ્યક્ત કરી હતી. અમારી 'એક પૃથ્વી, એક આરોગ્ય'ની દૃષ્ટિ છે, જે સમગ્ર ઈકોસિસ્ટમ-મનુષ્યો, પ્રાણીઓ, વનસ્પતિઓ અને પર્યાવરણ માટે સારા સ્વાસ્થ્યની કલ્પના કરે છે. આરોગ્યલક્ષી પહેલોની સફળતામાં મુખ્ય પરિબળ તરીકે જનભાગીદારીના મહત્ત્વ ઉપર ભાર મૂકીને તેમણે કહ્યું હતું કે, આપણા રક્તપિત્ત નાબૂદી અભિયાનની સફળતાનું આ એક મુખ્ય કારણ છે. ટીબી નાબૂદી ઉપર અમારા મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ જનભાગીદારીને પણ પ્રોત્સાહન આપે છે. 'હવે આપણે વર્ષ ૨૦૩૦ના વૈશ્વિક લક્ષ્યાંકથી ઘણી આગળ ટીબી નાબૂદી હાંસલ કરવાના માર્ગે અગ્રેસર છીએ.' તમામ માટે હેલ્થકેરની સુલભતામાં ડિજિટલ સોલ્યુશન્સ અને નવીનતાની ભૂમિકા ઉપર ભાર મૂકતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આપણા પ્રયાસોને સમાન અને સર્વસમાવેશક બનાવવા માટે આ એક ઉપયોગી માધ્યમ છે, કારણ કે, દૂર-દૂરના દર્દીઓ ટેલિ-મેડિસિન મારફતે ગુણવત્તાયુકત સારસંભાળ મેળવી શકે છે. તેમણે ભારતના રાષ્ટ્રીય મંચ ઈ-સંજીવનીની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, તેનાથી અત્યાર સુધીમાં ૧૪૦ મિલિયન ટેલિ-હેલ્થ કન્સલ્ટેશનની સુવિધા મળી છે.

# રાજ્યની મહાપાલિકાઓ અને પાલિકાઓમાં CNG-ઈલે. સિટી બસ માટે ગ્રાન્ટમાં વધારો

## મહાપાલિકામાં CNG બસ માટે હવે કિ.મી. દીઠ રૂા.૧૮, પાલિકામાં કિ.મી. દીઠ રૂા. ૨૨ મળશે



ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રીન કલીન ગુજરાતની નેમ સાથે રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓમા સંચાલિત શહેરી પરિવહન સેવાની CNG અને ઈ-બસો માટે આપવામાં આવતા અનુદાનમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. ગ્રીન ગ્રોથ માટે પર્યાવરણ પ્રિય ટ્રાન્સપોર્ટેશન સુવિધાઓ અને બિન પરંપરાગત ઊર્જાના ઉપયોગને વેગ આપવાના હેતુસર મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત હાલ ૩ મહાપાલિકાઓ અને 'અ' વર્ગની ૧૦ પાલિકાઓના ૧૦૬૮ CNG અને ૩૮૨ ઈબસ શહેરી પરિવહન સેવામાં કાર્યરત કરેલી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બસ સેવાઓ માટે જે તે મહાપાલિકાઓ અને પાલિકાઓને PPP ધોરણે પરિવહન સેવાઓના સંચાલન અનુદાન પેટે આપવામાં આવતી રકમમાં વધારો કરવાનો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર, મહાપાલિકાઓને CNG બસના સંચાલન અન્વયે અગાઉ કિલોમીટર દીઠ અપાતા રૂા. ૧૨.૫૦નાં સ્થાને હવે રૂા. ૧૮ આપવામાં આવશે. તેમજ વાયેબિલિટી ગેપ ફંડિંગ-ઘટના અગાઉ મહત્તમ ૫૦ ટકા મળતા હતા તેમાં ૧૦ ટકાનો વધારો કરીને હવે ૬૦ ટકા આપવામાં આવશે. આ ઉપરાંત જે 'અ' વર્ગની પાલિકાઓમાં હાલ CNG બસ સેવાનું શહેરી પરિવહન સેવામાં PPP ધોરણે સંચાલન થાય છે તેવી પાલિકાઓને કિલોમીટર દીઠ રૂા. ૨૨ અનુદાન પેટે અપાશે તેમજ VGF ઘટ ના વધુમાં વધુ ૫૦ ટકા મળતા હતા તે વધારીને ૭૫ ટકા પ્રમાણે અપાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈલેક્ટ્રીકવાહનોનો પણ શહેરી પરિવહન સેવામાં વ્યાપ વધે તેવા આશયથી જે મહાપાલિકાઓમાં ઈ-બસ સેવાઓ PPP ધોરણે હાલ કાર્યરત છે ત્યાં કિલોમીટર દીઠ રૂા. ૨૫નાં સ્થાને હવે રૂા. ૩૦ અનુદાન આપવાનો નિર્ણય પણ કર્યો છે. એટલું જ નહીં, આવી ઈ-બસ સેવાઓના સંચાલનમાં ઘટની જે રકમ અગાઉ ૫૦ ટકા આપવામાં આવતી હતી તે હવે વધુમાં વધુ ૬૦ ટકા મળશે. રાજ્યમાં 'અ' વર્ગની પાલિકાઓમાં ઈ-બસની શહેરી પરિવહનસેવાઓ માટે પહેલીવાર કિલોમીટર દીઠ રૂા. ૪૦ અને ઘટની રકમના વધુમાં વધુ ૭૫ ટકા અનુદાન આપવાનો જનહિતકારી નિર્ણય પણ મુખ્યમંત્રીએ કર્યો છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્ય સરકારે મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સુવિધા અંતર્ગત કૂલ ૨,૮૬૪ બસની કરેલી જોગવાઈઓ સામે ૬૬૨ ઈ-બસ અને ૧૦૯૭ CNG એમ કુલ ૧૭૫૯ બસોને મંજૂરી આપવામાં આવેલી છે. આવી મંજૂર થયેલ બસસેવા પૈકી ૩૮૨ ઈ-બસ અને ૧૦૬૮ CNG બસ હાલ કાર્યરત છે.

# પ્રાથમિક શાળાના શિક્ષકોની પોસ્ટ માટે બી.એડ. સ્નાતકો પાત્ર નથી; સુપ્રીમ કોર્ટે કહ્યું : 'શિક્ષણના અધિકારમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનો પણ સમાવેશ થાય છે'

નવી દિલ્હી તા.૨૨

સુપ્રીમ કોર્ટે રાજસ્થાન હાઈકોર્ટના નિર્ણયને યથાવત્ રાખ્યો છે જેમાં બી.એડ. (શિક્ષણ સ્નાતક) ડિગ્રી ધારકો પ્રાથમિક શાળાના શિક્ષકોની પોસ્ટ ઉપર નિમણુંક માટે અયોગ્ય ગણવામાં આવ્યા છે. જસ્ટિસ અનિરૂદ્ધ બોઝ અને જસ્ટિસ સુધાંશુ ધૂલિયાની બેંચે અભિપ્રાય આપ્યો હતો કે, ભારતીય બંધારણની કલમ ૨૧-એ તેમજ શિક્ષણ અધિકાર અધિનિયમ, ૨૦૦૯ હેઠળ બાંયધરી આપવામાં આવેલ પ્રાથમિક શિક્ષણના મૂળભૂત અધિકારમાં માત્ર 'મફત' અને 'ફરજિયાત' શિક્ષણનો સમાવેશ થતો નથી. ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે આવા બાળકોને આપવામાં આવનાર 'ગુણવત્તાયુકત' શિક્ષણનો પણ સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ બી.એડ. ડિગ્રી ધારકોએ પ્રાથમિક વર્ગો શીખવવા માટે જરૂરી મૂળભૂત શિક્ષણશાસ્ત્રીય થ્રેશોલ્ડ પસાર કર્યું ન હતું અને તેથી તેઓ પ્રાથમિક શાળાના બાળકોને 'ગુણવત્તાવાળું' શિક્ષણ પ્રદાન કરી શકશે નહીં. આ વિવાદના મૂળમાં નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન (NCTE) દ્વારા જારી કરાયેલ ૨૮/૬/૨૦૧૮ની સૂચનાનો સમાવેશ થાય છે. રાજસ્થાન રાજ્યના માધ્યમિક શિક્ષણ બોર્ડે રાજસ્થાન ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (RTET) માટે જાહેરાત બહાર પાડી, ત્યારે તેમાં પાત્ર ઉમેદવારોની યાદીમાંથી B.Ed.ને બાકાત રાખવામાં આવ્યું હતું. રાજસ્થાન સરકારની આ કાર્યવાહીને રાજસ્થાન હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. અરજદારોનો એક બીજો સમૂહ જેઓ પ્રાથમિક શિક્ષણમાં ડિપ્લોમા (D.El.Ed.) હતા, જે પ્રાથમિક સ્તરે શિક્ષકો માટે જરૂરી એકમાત્ર શિક્ષણ લાયકાત છે, તેમણે B.Ed.ના સમાવેશને પડકાર્યો હતો. રાજસ્થાન રાજ્યએ ઉમેદવારોની આ બીજી બેચને ટેકો આપ્યો હતો. રાજસ્થાન હાઈકોર્ટે એનસીટીઈના નોટિફિકેશનને રદ કર્યું હતું અને જણાવ્યું હતું કે, બી.એડ.એ પ્રાથમિક શાળાના શિક્ષકોની જગ્યાઓ માટે ઉમેદવારો અયોગ્ય છે. સીનિયર એડવોકેટ પીએસ પટવાલિયા અને સિનિયર એડવોકેટ મીનાક્ષી અરોરા બી.એડ. માટે હાજર રહ્યા હતા. તેઓએ દલીલ કરી હતી કે, કેન્દ્ર સરકારે આ સંદર્ભે નિર્દેશો જારી કર્યા પછી નોટિફિકેશન એનસીટીઈ દ્વારા લેવામાં આવેલ નીતિ વિષયક નિર્ણય છે અને હાઈકોર્ટ કેન્દ્ર સરકારના નીતિવિષયક નિર્ણયમાં હસ્તક્ષેપ કરી શકે નહીં તે ધ્યાનમાં લેવામાં હાઈકોર્ટ નિષ્ફળ ગઈ હતી. સિનિયર એડવોકેટ કપિલ સિબ્બલ અને સિનિયર એડવોકેટ ડૉ.મનીષ સિંઘવી અનુક્રમે ડિપ્લોમા ધારકો અને રાજસ્થાન રાજ્ય માટે હાજર થયા હતા અને દલીલ કરી હતી કે, NCTE એક નિષ્ણાત સંસ્થા હોવાના કારણે આ કેસમાં સ્વતંત્ર નિર્ણય લેવાનો હતો. એએસજી ઐશ્વર્યાભાટી અને એએસજી વિક્રમજીત બેનરજીએ યુનિયન ઓફ ઈન્ડિયા તરફથી દલીલ કરી હતી કે, હાઈકોર્ટનો આદેશ કેન્દ્ર સરકારની અધિનિયમ તેમજ એનસીટીઈ એક્ટ બંને હેઠળ આપવામાં આવેલી સત્તાઓને અવગણીને પસાર કરવામાં આવ્યો હતો. આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ભારતમાં બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારને ભારતીય બંધારણના ઘડનારાઓની 'સામાજિક દૃષ્ટિ'નો એક ભાગ ગણાવ્યો હતો અને કોર્ટે ઉમેર્યું હતું કે, 'મફત' અને 'ફરજિયાત' પ્રાથમિક શિક્ષણનો ત્યાં સુધી કોઈ ઉપયોગ નથી સિવાય કે તે 'અર્થપૂર્ણ' શિક્ષણ પણ હોય. બીજા શબ્દોમાં કહીએ તો પ્રાથમિક શિક્ષણ સારી 'ગુણવત્તા'નું હોવું જોઈએ અને માત્ર ધાર્મિક વિધિ કે ઔપચારિકતા માટે નહીં ! બંધારણના અનુચ્છેદ ૨૧-એ અને શિક્ષણનો અધિકાર અધિનિયમના ઉદ્દેશ્ય ઉપર કોર્ટે ઉમેર્યું હતું કે, આ કાયદાએ અર્થપૂર્ણ અને 'ગુણવત્તાવાળું' શિક્ષણ આપવાના હેતુસર પ્રાથમિક શાળાઓમાં અનુસરવા માટે અમુક ધોરણો અને નિયમો પણ નિર્ધારિત કર્યા છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, NCET મુજબ, પ્રાથમિક શાળામાં શિક્ષક માટે જે લાયકાત નક્કી કરવામાં આવી હતી તે પ્રાથમિક શિક્ષણમાં ડિપ્લોમા (D.El.Ed.) હતી અને B.Ed. સહિત અન્ય કોઈ શૈક્ષણિક લાયકાત નથી, જેમાં જણાવાયું હતું કે, D.El.Ed. ધરાવતા ઉમેદવારોને ડિગ્રીના પ્રાથમિક સ્તરે વિદ્યાર્થીઓને હેન્ડલ કરવા માટે તાલીમ આપવામાં આવી હતી અને આવા ઉમેદવારો ખાસ કરીને તે હેતુ માટે રચાયેલ શિક્ષણ શાસ્ત્રના અભ્યાસક્રમમાંથી પસાર થયા હતા. જે વ્યક્તિને બી.એડ. લાયકાતને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે તાલીમ આપવામાં આવી હતી અને તેઓ પાસેથી પ્રાથમિક સ્તરના વિદ્યાર્થીઓને તાલીમ આપવાની અપેક્ષા રાખી શકાય નહીં. તેથી લાયકાત તરીકે B.Ed.નો સમાવેશ કરવો એ પ્રાથમિક સ્તરે શિક્ષણની 'ગુણવત્તા'નબળી પાડવા સમાન છે. તદનુસાર, કોર્ટે બી.એડ.નો સમાવેશ કરવાના NCTEના નિર્ણયને ફગાવી દીધો હતો. પ્રાથમિક શાળામાં શિક્ષકો માટેની લાયકાત તરીકે તે મનસ્વી, ગેરવાજબી છે.

# શિક્ષકો સિવાયની અન્ય ૧૨ કેડરને પણ BLOની કામગીરી સોંપવા આદેશ

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં બૂથ લેવલ ઓફિસર (BLO)તરીકે ફરજ બજાવતા શિક્ષકો ઉપરાંત અન્ય ૧૨ કેડરના કર્મચારીઓને પણ BLOની કામગીરી સોંપવા માટેસૂચનાઆપવામાં આવીછે. મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીએ રાજ્યના તમામ કલેક્ટરોને પરિપત્ર કરી આ સૂચના આપી છે, જેમાં શિક્ષકોને ઓછામાં ઓછી સંખ્યામાં કામગીરી માટે લેવા માટે પણ જણાવાયું છે. ઉપરાંત ૩ વર્ષ કરતા વધુ સમયથી બૂથ લેવલ ઓફિસરની કામગીરી કરતા શિક્ષકો મુક્તિ માટે રજૂઆત કરે તો તે અંગે તાકીદે કાર્યવાહી કરવા માટે પણ જણાવાયું છે. રાજ્યમાં BLOની નિમણૂક અને કામગીરી બાબતે વિવિધ શિક્ષક સંગઠનો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી, જેમાં BLOની ફરજો અન્ય ૧૨ જેટલી કેડરના કર્મચારીઓ-અર્ધ કર્મચારીઓને પણ કામગીરી સોંપવા અને શિક્ષકોને ઓછામાં ઓછા સૂચિત કરવા બાબતે, BLOની ફરજો રોટેશન મુજબ આપવા બાબતે, BLOની કામગીરી અન્ય એજન્સીઓ મારફતે કે બેરોજગાર યુવકો પાસે કરાવવા બાબતે, ૫૦ વર્ષ કે તેથી વધુ વયના વ્યક્તિઓને BLOની કામગીરી ન સોંપવા બાબતે તેમજ BLOની કામગીરીનું ભથ્થું વધારવા બાબતે રજૂઆતો મળી હતી. આ રજૂઆતો બાદ કચેરી દ્વારા રાજ્યના તમામ કલેક્ટરોને પરિપત્ર કર્યો છે. જેમાં જણાવાયું છે કે, BLOની કામગીરી શિક્ષકો ઉપરાંત અન્ય ૧૨ કેડર જેમ કે તલાટી, મધ્યાહ્‌ન ભોજન કર્મચારી વગેરે પાસેથી પણ કરાવવી જોઈએ. વધુમાં શિક્ષકોને BLOની કામગીરીમાં ઓછામાં ઓછા સૂચિત કરવા જોઈએ. BLOની નિમણૂકો કરવા સમયે માત્ર જિલ્લા અને તાલુકા શિક્ષણાધિકારીઓ પાસેથી જ માહિતી માંગવામાં આવે છે તે મુજબની રજૂઆત મળી છે. જેથી આગામી નિમણૂક પહેલા તાલુકા જિલ્લાની અન્ય કચેરીઓ પાસેથી પણ કર્મચારીઓની વિગતો મેળવવાની રહેશે. ઘણા BLO દ્વારા ત્રણ વર્ષથી વધુ સમયથી કામગીરી કરેલી હોવા છતાં કચેરી સુધી મુક્તિ માટે રજૂઆતો આવે છે, જેથી ત્રણ વર્ષથી વધારે સમય કામગીરી કરી હોય તેવા BLOની મુક્તિ અંગેની રજૂઆતો અન્વયે તરત જ કાર્યવાહી કરવાની રહેશે.

# રાજ્યમાં બીજા તબક્કામાં PM શ્રી યોજના હેઠળ શાળાઓની પસંદગી કરાશે

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં પીએમ સ્કૂલ ફોર રાઈસિંગ ઈન્ડિયા (પીએમ શ્રી) સ્કીમ અંતર્ગત બીજા તબક્કામાં શાળાઓની પસંદગી કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં

રાજ્યની ૨૩૬ પ્રાથમિક અને ૩૮ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓની પસંદગી કરવામાં આવી હતી. જો કે, હવે બીજા તબક્કામાં બાકી રહેલા રેવન્યુ બ્લોકમાંથી શાળા પસંદગી કરવામાં આવનાર છે. પાંચ વર્ષમાં દેશની ૧૪,૫૦૦ કરતા વધુ સ્કૂલોને આ યોજના હેઠળ પસંદ કરી ત્યાં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનું આયોજન કરાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણના ભાગરૂપે પીએમ શ્રી યોજના મંજૂર કરવામાં આવી છે. પાંચ વર્ષમાં દેશની ૧૪,૫૦૦થી વધુ શાળાઓ પસંદ કરીને તેનું શિક્ષણ વધુ અસરકારક અને ગુણવત્તાયુક્ત બનાવવું તે આ યોજનાનો હેતુ છે. પીએમ શ્રી સ્કીમ અંતર્ગત ભારત સરકાર દ્વારા તાલુકા દીઠ મહત્તમ બે સરકારી શાળાઓ જેમાં એક પ્રાથમિક અને એક માધ્યમિકઉચ્ચતર માધ્યમિક શાળાને પસંદ કરવાનું આયોજન છે. ભારત સરકારના શિક્ષા મંત્રાલયની કમિટી દ્વારા પીએમ શ્રી સ્કીમ અંતર્ગત પ્રથમ ફેઝમાં રાજ્યની ૨૩૬ પ્રાથમિક અને ૩૮ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ એમ કુલ ૨૭૪ શાળાઓ પસંદ કરવામાં આવી છે. હવે પીએમ શ્રી સ્કીમ અંતર્ગત શાળા પસંદગીનો બીજો તબક્કો શરૂ થયો છે, જેમાં પીએમ શ્રી યોજના અંતર્ગત બાકી રહેતા રેવન્યુ બ્લોકની શાળાઓની પસંદગી ચેલેન્જ મોડ દ્વારા કરવામાં આવશે. જે માટે પોર્ટલ ઉપર ૩૧ ઓગસ્ટ સુધી અરજી કરવાની રહેશે. ત્યારબાદ જિલ્લા કક્ષાએ અને રાજ્યકક્ષાએ વેરિફિકેશન અને મંજૂરીની પ્રક્રિયા પોર્ટલ ઉપર પૂર્ણ કરવાની રહેશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શિક્ષા મંત્રાલય દ્વારા ફાઈનલ સિલેક્શન કરાશે. રાજ્યના ૪૧૦ કરતા વધુ રેવન્યુ બ્લોકની ૧૧,૫૮૩ બેન્ચમાર્ક શાળાઓમાંથી પ્રથમ ફેઝમાં ૨૩૬ રેવન્યુ બ્લોકની એક પ્રાથમિક શાળા પસંદ કરવામાં આવી છે. જેથી બીજા ફેઝમાં બાકીના રેવન્યુ બ્લોકમાંથી જ પ્રાથમિક શાળા પસંદ કરવાની કાર્યવાહી કરવાની રહેશે. આ જ રીતે પ્રથમ ફેઝમાં ૩૮ રેવન્યુ બ્લોકની એક માધ્યમિક શાળા પસંદ કરી દેવામાં આવી છે, જેથી બીજા ફેઝમાં બાકીના રેવન્યુ બ્લોકમાંથી જ માધ્યમિક શાળા પસંદ કરવાની રહેશે. આમ, રાજ્યમાં આગામી દિવસોમાં વધુ સંખ્યામાં પીમએ શ્રી સ્કીમ અંતર્ગત શાળાઓની પસંદગી થશે.

### રાજ્યમાં ચાલુ વર્ષે ૧૨,૦૦૦ પોલીસ સ્ટાફની ભરતી થવાની છે

# રાજ્યના પોલીસ તંત્રમાં નવી ભરતી માટે કવાયત શરૂ : હસમુખ પટેલની એન્ટ્રી

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં પોલીસ ભરતીને લઈને મહત્ત્વપૂર્ણ સમાચારો આવી રહ્યા છે. એટલે કે, મોટાપાયે પોલીસ ભરતી થવાની છે. જેને પગલે પોલીસ ભરતી બોર્ડની જવાબદારી IPS હસમુખ પટેલને સોંપવામાં આવી છે. હસમુખ પટેલને અધિક પોલીસ મહાનિદેશક, પોલીસ ભરતી બોર્ડનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. તેમજ CID ક્રાઈમના DIG પરીક્ષિતા રાઠોડને પોલીસ ભરતી બોર્ડમાં નાયબ પોલીસ મહાનિરીક્ષકની જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાતમાં પોલીસની નવી ભરતી માટે કવાયત શરૂ કરવામાં આવી છે. વિગતો મુજબ ટૂંક સમયમાં PSI અને LRDની ભરતી જાહેર કરાઈ શકે છે. આ તરફ હવે નવી ભરતીની કવાયત વચ્ચે બે ઉચ્ચ અધિકારીઓને મોટી જવાબદારી સોંપવામાં આવી છે. વિગતો મુજબ IPS હસમુખ પટેલને અધિક પોલીસ મહાનિર્દેશક અને પી વી રાઠોડને નાયબ પોલીસ મહાનિર્દેશકની જવાબદારી સોંપવામાં આવી છે. જેથી હવે ટૂંક સમયમાં પોલીસ ભરતીની કાર્યવાહી હાથ ધરાઈ શકે છે. ચાલુ વર્ષે રાજ્યમાં ૧૨૦૦૦ પોલીસની ભરતી થવાની છે. અગાઉ ગૃહ રાજ્યમંત્રીએ પોલીસ ભરતીને લઈને મોટું નિવેદન આપ્યું હતું. તેમના દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, સપ્ટેમ્બર મહિના બાદ પોલીસ ભરતીમાં ફિઝિકલ ટેસ્ટ લેવામાં આવશે. ઉનાળા અને ચોમાસાને કારણે ફિઝિકલ પરીક્ષા લઈ શકાતી નથી ત્યારે સપ્ટેમ્બર મહિના બાદ ફિઝિકલ ટેસ્ટ લેવામાં આવશે અને ત્યારબાદ સપ્ટેમ્બર મહિનાપછી સરકાર ભરતીનું આયોજન કરશે. ગૃહ વિભાગ પોલીસ ખાતામાં આ વર્ષે ૮ હજાર કર્મચારીઓની ભરતી કરશે. જેમાં બિન હથિયારી PSIની ૩૨૫ જગ્યાઓ ઉપર ભરતી કરાશે. હથિયારી, બિન હથિયારી કોન્સ્ટેબલની ૬૩૨૪ જગ્યાઓ ઉપર ભરતી કરાશે. જેલ સિપાહી પુરૂષની ૬૭૮૨ અને મહિલાની ૫૭ જગ્યા ઉપર ભરતી કરાશે. IPS હસમુખ પટેલ ૧૯૯૩ની બેચના અધિકારી છે. પોલીસ અધિકારી તરીકે તેમની છબી એક પ્રાણામિક અધિકારી તરીકેની છે. તેમને ગુજરાત સ્ટેટ પોલીસ હાઉસિંગ કોર્પોરેશન લિ.ના મેનેજિંગ ડિરેક્ટરની સાથે લોકરક્ષક ભરતી બોર્ડની પણ જવાબદારી સોંપવામાં આવી હતી. સફળતાપૂર્વક લોકરક્ષક દળની પરીક્ષા લેવાયા બાદ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના અધ્યક્ષ તરીકે વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો. તેમાં હવે તેમને વધુ એક જવાબદારી સોંપવામાં આવી છે.

# રાજ્યસભાના ૨૨૫માંથી ૭૫ સાંસદો ઉપર ફોજદારી આરોપ છે : રિપોર્ટ

નવી દિલ્હી, તા.૨૨

એક અહેવાલમાં જાણવા મળ્યું છે કે, રાજયસભાના વર્તમાન ૨૨૫ સાંસદોમાંથી ૭૫એ પોતાની વિરુદ્ધ ફોજદારી કેસ જાહેર કર્યા છે, જેમાંથી ચાર મહિલાઓ વિરુદ્ધ અપરાધોના આરોપી છે. એક અહેવાલમાં એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) અને નેશનલ ઈલેકશન વોચ (ન્યૂ)એ જણાવ્યું હતું કે, તેણે રાજયસભાના ૨૩૩માંથી ૨૨૫ સાંસદોની ગુનાહિત પૃષ્ઠભૂમિની વિગતોનું વિશ્લેષણ અને અદ્યતન કર્યું છે. તેમાં વધુમાં જણાવાયું હતું કે, વર્તમાન રાજ્યસભામાં એક બેઠક ખાલી છે જ્યારે ત્રણ સાંસદોનું વિશ્લેષણ કરવામાં આવ્યું નથી કારણ કે, તેમના સોગંદનામા ઉપલબ્ધ ન હતા અને જમ્મુ અને કાશ્મીરની ચાર બેઠકો અવ્યાખ્યાયિત હતી રાજ્ય સભાના વર્તમાન ૨૨૫ સાંસદોમાંથી ૭૫ કે એટલે કે ૩૩ ટકા સાંસદોએ પોતાની વિરૂધ્ધ ફોજદારી કેસ જાહેર કર્યા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ૪૧ જે રાજયસભાના ૧૮ ટકા સાંસદોએ ગંભીર ગુનાહિત કેસ જાહેર કર્યા છે, જ્યારે બે સાંસદોએ હત્યા સંબંધિત કેસ (IPC કલમ ૩૦૨) જાહેર કર્યા છે. રિપોર્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, ચાર સાંસદોએ મહિલાઓ વિરૂધ્ધ અપરાધો સંબંધિત મામલા જાહેર કર્યા છે.

# ગુજરાતનાં ગાંધીનગરમાં જી-૨૦ આરોગ્ય મંત્રીની બેઠકનું સમાપન : જી૨૦ સ્વાસ્થ્ય મંત્રીની બેઠકમાં ડિજિટલ સ્વાસ્થ્ય ઉપર વૈશ્વિક પહેલનો શુભારંભ

## નિર્મલા સીતારમણ અને ડો. મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં ભારતીય જી-૨૦ પ્રમુખપદ હેઠળ પ્રથમ સંયુક્ત નાણાં અને સ્વાસ્થ્ય મંત્રી સ્તરીય બેઠક

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગરતા.૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં સર્વસમાવેશક, મહત્ત્વાકાંક્ષી અને કાર્યલક્ષી જી૨૦ પ્રમુખપદનાં વિઝનને અનુરૂપ જી૨૦ સ્વાસ્થ્ય મંત્રીની બેઠક પરિણામ દસ્તાવેજનો સ્વીકાર કરવાની સાથે-સાથે ગ્લોબલ ઈનિશિયેટિવ ઓફ ડિજિટલ હેલ્થનો પ્રારંભ કરવાની સાથે સમાપ્ત થઈ, જેનો ઉદ્દેશ હેલ્થકેરમાં ભવિષ્યનાં રોકાણની અસરને વધારવા માટે પારસ્પરિક જવાબદારીને મજબૂત કરવાની સાથે-સાથે વૈશ્વિક ડિજિટલ હેલ્થ માટે વૈશ્વિક ડિજિટલ હેલ્થમાં તાજેતરના અને ભૂતકાળમાં થયેલા લાભોને મજબૂત કરવાનો છે. ગુજરાતનાં ગાંધીનગરમાં જી-૨૦આરોગ્ય મંત્રીની બેઠક પૂર્ણ થઈ રહી છે, ત્યારે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, "ચાલો આપણે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખીએ, સહયોગને પ્રોત્સાહન આપીએ અને ડિજિટલ હેલ્થ, રિસર્ચ અને ઈનોવેશનની સંભવિતતાનો ઉપયોગ કરીએ, જેથી તમામ માટે ગુણવત્તાયુક્ત હેલ્થકેરની સમાન સુલભતા સુનિશ્ચિત કરી શકાય. આપણે બહુપક્ષીય સહકાર સુનિશ્ચિત કરવાનું અને સ્વાસ્થ્યનાં ક્ષેત્રમાં ભાગીદારીને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખવું જોઈએ. વૈશ્વિક આરોગ્યના પડકારોને અસરકારક રીતે પહોંચી વળવા કુશળતા, સંસાધનો અને વ્યૂહરચનાઓનું આદાન-પ્રદાન કરવું મહત્ત્વપૂર્ણ છે." તેમની સાથે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબ્લ્યૂએચઓ)ના મહાનિદેશક ડૉ. ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસ, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી ડો. ભારતી પ્રવિણ પવાર અને પ્રોફેસર એસ. પી. સિંહ બઘેલ પણ જોડાયા હતા. સ્વાસ્થ્ય મંત્રીની બેઠકના બીજા દિવસે ભારતની બે જી૨૦ સ્વાસ્થ્ય પ્રાથમિકતાઓ - સલામત, અસરકારક, ગુણવત્તા અને વાજબી તબીબી પ્રતિકારક ઉપાયો - રસી, થેરાપ્યુટિક્સ અને ડાયગ્નોસ્ટિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં સહકારને મજબૂત કરવા અને સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચને સહાય કરવા અને હેલ્થકેર સેવા પ્રદાનમાં સુધારો કરવા ડિજિટલ હેલ્થ ઈનોવેશન એન્ડ સોલ્યુશન્સની ઉપલબ્ધતા અને સુલભતા પર સત્રો યોજાયાં હતાં. જી-૨૦આરોગ્ય પ્રધાનની બેઠકના છેલ્લા દિવસે ભારતીય પ્રમુખપદ હેઠળ પ્રથમ સંયુક્ત નાણાં અને આરોગ્ય પ્રધાનસ્તરીય બેઠક પણ જોવા મળી. ડો. માંડવિયાએ તબીબી જવાબી પગલાં વિશે વાત કરતા જણાવ્યું હતું કે, "જી-૨૦ દેશો તરીકે આપણે વૈશ્વિક સહયોગને મજબૂત કરવાની દિશામાં કામ કરવાની જરૂર છે, જેથી ખાસ કરીને એલએમઆઈસી અને એલઆઈસી ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને સમાન તબીબી પ્રતિકારક પગલાંની સુલભતા અને ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાય." વૈશ્વિક સહયોગ અને ભાગીદારીનાં મહત્વ ઉપર ભાર મૂકતા કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, "જી-૨૦ના સભ્યો તરીકે સૌથી ઓછા સામાન્ય ભાજકનો લાભ લઈને "લઘુતમ વ્યવહારુ ઉત્પાદન" ઊભું કરવું એ આપણી સામૂહિક જવાબદારી છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "ભારતનાં જી-૨૦ પ્રમુખપદે જી-૭, ડબ્લ્યૂએચઓ અને જોહાનિસબર્ગ પ્રક્રિયાઓ સહિતના અન્ય મંચો સાથે જોડાણમાં આ એજન્ડાને પ્રાથમિકતા આપી હતી, જેથી "નેટવર્ક ઓફ નેટવર્ક્સ" અભિગમ અપનાવતાં વૈશ્વિક તબીબી પ્રતિરોધક સંકલન વ્યવસ્થા ઊભી કરી શકાય." ડો. માંડવિયાએ પુનરોચ્ચાર કર્યો હતો કે, "કોવિડ -૧૯ મહામારીએ ઉજાગર કર્યું છે કે વિશ્વને કોઈપણ આરોગ્ય કટોકટીનું સંચાલન કરવા માટે, અને સમાન રીતે જરૂરિયાતમંદ લોકો માટે સમાન તબીબી પ્રતિકારક પગલાંની સુલભતા અને ઉપલબ્ધતાની સુવિધા આપવા માટે એક સંકલિત વ્યૂહરચનાની જરૂર છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે "આબોહવા ફેરફારની અસરો એ સૌથી મોટો ખતરો છે જેનો હાલમાં માનવતા સામનો કરી રહી છે અને તેની આરોગ્ય પ્રણાલીઓ ઉપર ભારે અસર પડી રહી છે. મને એ જાણીને આનંદ થયો છે કે એશિયન ડેવલપમેન્ટ બેંક આ અસરને ઘટાડવા તેમજ વૈશ્વિક આરોગ્ય પ્રણાલીનાં માળખામાં આબોહવામાં સ્થિતિસ્થાપકતાનું નિર્માણ કરવા ઉપર કામ કરવા માટે આબોહવા અને આરોગ્ય પહેલની સ્થાપના કરશે." ડો. ઘેબ્રેયેસસે જણાવ્યું હતું કે કોવિડ-૧૯ મહામારી સામે લડવામાં રસીઓ, સારવાર અને અન્ય ઉત્પાદનો કેન્દ્રીય ભૂમિકા ભજવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, હાલની ખામીઓ દૂર કરવી અનિવાર્ય છે, એટલે એક એવાં તંત્રની જરૂર છે, જે જીવન રક્ષક સાધનોની સુલભતાને સક્ષમ બનાવે અને કહ્યું હતું કે, "જ્યારે આપણે સાથે મળીને કામ કરીએ છીએ, ત્યારે આપણે વધુ મજબૂત બનીએ છીએ." દિવસનાં બીજા સત્ર દરમ્યાન, વિશ્વબેંકનો ડિજિટલ-ઈન-હેલ્થ : અનલોકિંગ ધ વેલ્યુ ફોર એવરીવન શીર્ષક હેઠળનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. તે આરોગ્ય ડેટાનાં સરળ ડિજિટાઈઝેશનથી લઈને આરોગ્ય પ્રણાલીમાં ડિજિટલ તકનીકને સંપૂર્ણ રીતે એકીકૃત કરવા સુધીની વિચારસરણીની નવી રીત રજૂ કરે છે. તે હેલ્થ ફાઈનાન્સિંગ, સર્વિસ ડિલિવરી, ડાયગ્નોસ્ટિક્સ, મેડિકલ એજ્યુકેશન, મહામારી સામેની સજ્જતા, આબોહવા અને આરોગ્ય પ્રયાસો, પોષણ અને વૃદ્ધાવસ્થામાં ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રથમ સંયુક્ત નાણાં અને સ્વાસ્થ્ય મંત્રીસ્તરીય બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામન અને ડો. મનસુખ માંડવિયાએ કરી હતી. બેઠકમાં થયેલી ચર્ચા દરમ્યાન નાણાં અને સ્વાસ્થ્ય મંત્રીઓએ સંયુક્ત નાણાં અને સ્વાસ્થ્ય કાર્યદળ (જેએફએચટીએફ) હેઠળ નાણાં અને સ્વાસ્થ્ય મંત્રાલયો વચ્ચે સહયોગ વધારીને મહામારીને અટકાવવા, સજ્જતા અને પ્રતિભાવ (પીપીઆર) માટે વૈશ્વિક સ્વાસ્થ્ય માળખું મજબૂત કરવાનું જાળવી રાખવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. ટાસ્ક ફોર્સની બેઠકમાં ડો. માંડવિયાએ મહામારી ફંડ દ્વારા દરખાસ્તો માટે પ્રથમ કોલની જાહેરાત કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "એ નોંધવું જરૂરી છે કે ૭૫ ટકાથી વધુ પ્રોજેક્ટ્સ, જે આ પ્રારંભિક કોલમાંથી સહાય પ્રાપ્ત કરશે, તે એલઆઈસી/એલએમઆઈસી દેશોમાં સ્થિત છે. તેમણે ભવિષ્યની આરોગ્ય કટોકટી માટેના નિર્ણાયક પાઠ તરીકે ડે ઝીરો ફાઈનાન્સિંગની જરૂરિયાતને વધુમાં સ્વીકારી હતી. આ સંબંધમાં તેમણે કહ્યું હતું કે, "ડબ્લ્યૂએચઓ અને વિશ્વ બેંકની સાથે જી૨૦ અને જી-૭માં આ સમસ્યાનું સમાધાન કરવા માટે એક વ્યવસ્થા ઊભી કરવા માટે ચાલી રહેલા પ્રયાસોને એકરૂપ કરવાની જરૂર છે. કટોકટીના તબક્કાથી આગળ વધીને આ સહયોગને જાળવી રાખવાથી અને વિવિધ સંકલન વ્યવસ્થાઓની શોધ કરવાથી જી૨૦ દેશો અને વ્યાપક આંતરરાષ્ટ્રીય સમુદાયને નાણાકીય અને સ્વાસ્થ્ય સંસ્થાગત સંકલન માટે મહત્વપૂર્ણ વ્યૂહરચનાઓ અને અભિગમો વિકસાવવામાં મદદ મળશે." બેઠકમાં નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે, "ભારતીય પ્રમુખપદ હેઠળનાં ટાસ્ક ફોર્સે પ્રથમ વખત બહુ-વર્ષીય કાર્યયોજના અપનાવી છે અને પસંદ કરેલી મુખ્ય પ્રાદેશિક સંસ્થાઓને પણ આમંત્રણ આપ્યું છે, જેથી ઓછી આવક ધરાવતા દેશોનો અવાજ વધે છે." મંત્રીઓએ ભારતીય અધ્યક્ષતા દરમ્યાન જેએફએચટીએફ દ્વારા પ્રદાન કરવામાં આવેલાં પરિણામોને આવકાર્યા હતાં, જેમાં નીચેની બાબતો સામેલ છે: વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, વર્લ્ડ બેંક, આઈએમએફ અને યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બેંક વચ્ચે જોડાણ મારફતે આર્થિક નબળાઈઓ અને જોખમો માટેનું માળખું (એફઈવીઆર) રચવામાં આવ્યું છે. ડબ્લ્યૂએચઓ અને વર્લ્ડ બેંક દ્વારા વિકસિત મહામારીના પ્રતિસાદ ધિરાણ વિકલ્પો અને ખામીઓના મેપિંગ ઉપરનો અહેવાલ. કોવિડ-૧૯ દરમ્યાન ફાઈનાન્સ હેલ્થ ઈન્સ્ટિટ્યુશનલ એરેન્જમેન્ટ્સ ઉપરની શ્રેષ્ઠ પદ્ધતિઓ ઉપરનો અહેવાલ. નીતિ આયોગના સભ્ય(આરોગ્ય) વી.કે.પૌલ, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવ સુધાંશ પંત, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના મહાનિદેશક રાજીવ બહલ, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના અધિક સચિવ લવ અગ્રવાલ તથા સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનાં અન્ય વરિષ્ઠ અધિકારીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ બેઠકમાં જી-૨૦ના સભ્ય દેશો અને આમંત્રિત દેશોના આરોગ્ય મંત્રીઓ અને પ્રતિનિધિઓ તેમજ વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ જોડાયા હતા.






### ૩૬મા વાર્ષિકોત્સવનાં ઉજવણી પર્વે

# ભારતને આર્થિક મહાસત્તા બનાવવાનાં સંકલ્પને સિદ્ધ કરવા ગુજરાત રાજ્ય સેવા સમિતિ કટીબધ્ધ

## ૩૬ વર્ષ પહેલા સ્વ. શ્રી સુરેન્દ્રસિંહ રાજપૂતે સેવાયજ્ઞને માધ્યમ બનાવી ગુજરાત રાજ્ય સેવા સમિતિની સ્થાપના કરી હતી

અમદાવાદ, તા.૨૨

સ્વતંત્રતાનો પવન સુખ આપનારો હોય છે પરંતુ આ સ્વતંત્રતા માટે ભારત દેશની માટીમાંથી જન્મેલા કેટલાય નામી અનામી દેશભક્તોએ પોતાના પ્રાણની આહુતિ સ્વતંત્રતાનાં યજ્ઞમાં આપી હતી તે ભૂલાય નહીં અને સ્વતંત્રતા સસ્તી ના લાગે તે માટે ૩૬ વર્ષ પહેલા સ્વ. શ્રી સુરેન્દ્રસિંહજી રાજપૂતે સેવાયજ્ઞને માધ્યમ બનાવી ગુજરાત રાજ્ય સેવા સમિતિની સ્થાપના કરી હતી. આઝાદીનાં લડવૈયાઓનાં રક્તથી પવિત્ર બનેલી દેશની માટીથી દેશવાસીઓને દેશ પ્રત્યે પોતાની જવાબદારીની સમજ આપી વિદેશી લોકો ફરી ઈસ્ટ ઈન્ડિયા કંપની જેવા નામ ધારણ કરી દેશને ગુલામ ના બનાવી શકે તે માટે સમાજમાં વ્યસન મુક્ત યુવાનો અને સ્ત્રી સશક્તિકરણની જરૂરીયાતને સમજનારા ગુજરાત રાજ્ય સેવા સમિતિ આદ્યસ્થાપક સ્વ. શ્રી સુરેન્દ્રસિંહજી રાજપૂતને તેમની પ્રથમ પુણ્યતિથિ પર કર્મરૂપે શ્રધ્ધાંજલિ અર્પણ કરી સંસ્થાનાં ૩૬માં વાર્ષિકોત્સવ નિમિત્તે આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત વર્ષ ૨૦૧૪ પહેલાંનું ભારત અને વૈશ્વિક નેતા અને દેશનાં વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં ૯ વર્ષનાં સુશાસન બાદ ભારતની મજબૂત વૈશ્વિક છબી અને વર્ષ ૨૦૪૭ સુધી વૈશ્વિક આર્થિક મહાસત્તા સુધી પહોંચવાનાં સંકલ્પને સિદ્ધ કરવા માટે "મારી માટી મારો દેશ" અભિયાન હેઠળ અમદાવાદમાં દિનેશ હોલ ખાતે ગુજરાત રાજ્ય સેવા સમિતિ દ્વારા મારી માટી મારો દેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, પ.પૂ.સંતશ્રી સ્વામિ પરમાત્માનંદ સરસ્વતી, હરીયાણા રાજ્યના માજી મંત્રી છત્રપાલ સિંહ, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમિન, ડિરેક્ટર ઓફ પ્રોસીક્યુશન શ્રી જગરૂપસિહ રાજપૂત, ગુજરાત રાજ્યસેવા સમિતિનાં અધ્યક્ષશ્રી સ્વપ્રિલસિંહ રાજપૂત અને યુવાધ્યક્ષ મિતેષસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતાં. દેશની માટી ઝેર મુક્ત બને અને "સ્વસ્થ દેશ સમૃધ્ધ ખેડૂત" દેશની ઓળખ બને તે માટે ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી માનનીય આચાર્ય દેવવ્રતજીનાં સંકલ્પબળથી પ્રાકૃતિક કૃષિ આજે રાજ્યમાં પ્રચલિત બની છે. આ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની સમજ આપવા માટે ગુજરાત રાજ્ય સેવા સમિતિ સાથે જોડાયેલા ખેડૂત મિત્રોનાં ઓછા ખર્ચમાં શુધ્ધ ઉત્પાદન કરવાનાં પ્રયત્નોને પ્રોત્સાહન આપવા માટે મહામહિમ રાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક કૃષિ વિષય પર વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ૩૬ વર્ષથી કેન્દ્ર તથા રાજ્ય સરકારની પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓ અને જનસાધારણ લાભાર્થીઓ વચ્ચે સેતુ સમાન ગુજરાત રાજ્ય સેવા સમિતિ હવે માનનીય પ્રધાનમંત્રીશ્રીનાં વૈશ્વિક આર્થિક મહાસત્તા બનવાનાં સંકલ્પને સિદ્ધ કરવા માટે વિવિધ ક્ષેત્રોનાં તજજ્ઞો અને ઉધોગ સાહસિકોને મદદરૂપ બની લોકલાડીલા મુખ્યમંત્રી માનનીય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ રાજ્યમાં વધુમાં વધુ રોકાણકારો આવી સમૃદ્ધિ અને રોજગારનું સર્જન કરે તે માટે એક નવા સ્વરૂપે પણ કાર્યરત છે. દેશમાંથી ગરીબી, ભ્રષ્ટાચાર જેવા દુષણોને દૂર કરવા માટે માનનીય પ્રધાનમંત્રીશ્રીનાં સંકલ્પની સફળતા માટે રાજ્ય સરકારનાં પ્રયત્નોને મદદરૂપ થવા માટે ગુજરાત રાજ્ય સેવા સમિતિ લોકોની વચ્ચે રહીને પ્રયત્નશીલ છે તેમ શ્રી સ્વપ્રિલસિંહ રાજપૂતે મક્કમતા પૂર્વક જણાવ્યું હતું.

### મંદિર ફેબ્રુઆરી ૨૦૨૪માં ખુલ્લું મૂકાશે

# અબુધાબીમાં આકાર લઈ રહ્યું છે સ્વામિનારાયણ મંદિર

## મહંત સ્વામી મહારાજની આગેવાનીમાં તમામ વિધિ પૂર્ણ થશે

નવી દિલ્હી, તા.૨૨

બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS)નું ભવ્યાતિભવ્ય મંદિર અબુધાબીમાં આકાર લઈ રહ્યું છે. સૌ હરિભક્તોને આનંદ થાય એવા સમાચાર આવ્યા છે. અગાઉ ચર્ચાતું હતું કે, ૨૦૨૪માં સ્વામિનારાયણ મંદિર ખુલ્લું મુકાશે અને હવે તેની તારીખની જાહેરાત થઈ ગઈ છે. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪થી ભક્તો સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરી શકશે. BAPS તરફથી આપવામાં આવેલી માહિતી પ્રમાણે, મંદિરનું ઉદ્ઘાટન વૈદિક રિવાજો પ્રમાણે થશે. મુસ્લિમ દેશમાં સૌથી મોટું હિંદુ મંદિર સ્થાપિત થતાં આ દિવસને એકતાના ઉત્સવ તરીકે ઉજવવામાં આવશે. અહીં હિંદુ સંસ્કૃતિ, પરંપરા અને કળાનું પ્રદર્શન થશે. BAPSના વડા મહંત સ્વામી મહારાજની આગેવાનીમાં તમામ વિધિ પૂર્ણ થશે. અબુધાબીના અબુ મુરેકામાં ૨૦૧૮ની સાલમાં ૨૭ એકર પ્લોટમાં મંદિરનો શિલાન્યાસ થયો હતો. ત્યારથી જ આ મંદિરે મુસ્લિમો અને ત્યાં વસતા સ્થાનિક ભારતીયો ઉપરાંત વિશ્વભરમાં રહેતા ભારતના લોકોમાં ઉત્કંઠા અને ઉત્સાહ જગાડ્યો છે. ભારતીય કળા, સંસ્કૃતિ અને મૂલ્યોનું પ્રદર્શન કરતાં આ ઉત્સવમાં સ્થાનિક ભારતીય સમુદાય ૧૫ ફેબ્રુઆરીથી રજિસ્ટ્રેશન કરાવીને ભાગ લઈ શકશે. ગુલાબી પથ્થરનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલું આ મંદિર જાહેર જનતા માટે ઉદ્ઘાટનના ચાર દિવસ બાદ એટલે કે ૧૮ ફેબ્રુઆરીથી ખુલ્લુ મૂકવામાં આવશે. બીએપીએસના જણાવ્યા અનુસાર, મંદિરનું માળખું ભારતીય પરંપરા અને આધુનિક બાંધકામ પદ્ધતિના સમન્વયથી તૈયાર કરવામાં આવ્યું છે. જેથી આગામી ૧૦૦૦ વર્ષ સુધી આ મંદિર અડીખમ ઊભું રહેશે. જણાવી દઈએ કે, યુએઈના પ્રેસિડેન્ટ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નહ્યાને ૨૦૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુએઈ મુલાકાત દરમિયાન બીએપીએસને મંદિરના નિર્માણ માટે જમીન ભેટમાં આપી હતી. ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ મંદિરનો શિલાન્યાસ થયો હતો અને પીએમ મોદીએ દુબઈના ઓપેરા હાઉસ ખાતેથી શિલાન્યાસ વિધિને લાઈવ નિહાળી હતી. મંદિરના નિર્માણ માટે રાજસ્થાનથી કેટલાય ટન ગુલાબી પથ્થરો અબુધાબી મોકલવામાં આવ્યા હતા. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ ૫૦ ડિગ્રી સેલ્સિઅસ સુધીનો તાપ સહન કરી શકે તેવી ક્ષમતા આ ગુલાબી પથ્થરોમાં રહેલી છે. મંદિરની સાઈઝની વાત કરીએ તો દિલ્હીમાં આવેલા અક્ષરધામ મંદિર કરતાં નાનું હશે પરંતુ ન્યૂ જર્સી સ્થિત અક્ષરધામ મંદિર જેટલું મોટું હશે. આ મંદિરનું બાંધકામ પૂર્ણ થતાં જ મિડલ ઈસ્ટમાં આકાર પામેલું સૌપ્રથમ હિંદુ મંદિર ગણાશે.

અબુધાબી ઉપરાંત મિડલ ઈસ્ટના દેશ બેહરીનમાં પણ સ્વામિનારાયણ સંપ્રદાયનું મંદિર આકાર લઈ રહ્યું છે. બેહરીનના ક્રાઉનસ પ્રિન્સ અને વડાપ્રધાન બિન હમદ અલ ખલીફાએ મંદિર બનાવવા માટે ફેબ્રુઆરી ૨૦૨૨માં જ જમીન ફાળવી હતી. સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરો UK, USA, આફ્રિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, કેનેડા વગેરે જેવા દેશોમાં છે અને હવે પહેલીવાર મુસ્લિમ દેશમાં પણ સ્વામિનારાયણ મંદિર સ્થપાશે.

# BAOUને BBA, BCA, BBA - AT અને MSW જેવા કોર્ષ ચલાવવાની મંજૂરી ના મળી

અમદાવાદ,તા.૨૨

આંબેડર યુનિવર્સીટીને BBA, BCA, BBA - AT (એર ટ્રાફિક) અને MSW જેવા કોર્ષ ચલાવવાની મંજૂરી ના મળી. યુજીસીના ડિસ્ટન્સ એજ્યુકેશન બ્યુરો દ્વારા મંજૂરી ના અપાઈ. વિવિધ માપદંડોને ધ્યાને લઈ યુજીસી ડિસ્ટન્સ એજ્યુકેશન બ્યુરો દ્વારા યુનિવર્સીટીઓને જુદા જુદા કોર્ષ ચલાવવાની આપવામાં આવતી હોય છે મંજૂરી. જોકે, આ કોર્સિસને મંજૂરી આપવામાં આવી નહીં.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અજયસિંહ જાડેજાએ જણાવ્યુંકે, યુનિવર્સીટીઓએ દર પાંચ વર્ષે મંજૂરી લેવાની રહે છે, જે મુજબ BAOU દ્વારા ૧૬ કોર્ષ માટે ૩૧ માર્ચે અરજી કરાઈ હતી. ૧૬ કોર્ષમાંથી શરૂઆતમાં ૨૧ જૂને ૩ કોર્ષની જ મંજૂરી મળતા બાકીના ૧૩ કોર્ષની મંજૂરી મેળવવા ૧૪ જુલાઈએ આંબેડકર યુનિવર્સીટી અપીલમાં ગઈ હતી. ત્યારબાદ વધુ ૯ કોર્ષની મંજૂરી ૩૧ જુલાઈએ મળી હતી, આખરે ૧૬માંથી ૪ કોર્ષની મંજૂરી આખરે ના જ મળી.

આંબેડર યુનિવર્સીટીને BBA, BCA, BBA - AT (એર ટ્રાફિક) અને MSW જેવા કોર્ષ ચલાવવાની મંજૂરી ના મળતા ૧,૦૪૫ વિદ્યાર્થીઓનું વર્ષ બગડે તેવી સ્થિતિ સર્જાઈ. ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી ફી પણ લેવાઈ ચૂકી હતી, હવે આ સ્થિતિમાં તમામ ૧,૦૪૫ હજાર જેટલા વિદ્યાર્થીઓનું એકવર્ષ બગડે તેવી શક્યતા. BBA માં ૧૯૦, BCA માં ૨૬૬, BBA - AT (એર ટ્રાફિક)માં ૧૮ અને MSW માં ૫૭૧ વિદ્યાર્થીઓએ BAOU ખાતે પ્રવેશ લીધો હતો. આંબેડકર યુનિવર્સીટીને યુજીસીના ડિસ્ટન્સ એજ્યુકેશન બ્યુરો તરફથી મંજૂરી ના મળતા વિવિધ રિજિનલ સેન્ટરને જાણ પણ કરાઈ સુરત, રાજકોટ, ભાવનગર, ગોધરા, ભૂજ સહિતના સેન્ટરના ડિરેક્ટરોને ઈમેઈલ કરી અપાયેલા પ્રવેશ રદ કરી દેવા જાણ કરાઈ હતી.

# સપ્તાહમાં રિટેઈલ બજારમાં ડુંગળીના ભાવ ૧૦થી ૧૫ રૂપિયા જેટલા ઊંચકાયા

અમદાવાદ,તા.૨૨

પહેલા ૨૦૦થી ૨૫૦ રૂપિયે કિલો મળતા લાલ ટામેટાએ લોકોને રડાવ્યા. જે ટામેટાના ભાવ હાલ ૮૦થી ૧૦૦ પહોંચતા લોકોને રાહત મળી છે, પરંતુ હવે તીખી ડુંગળીએ લોકોને રડાવાનું શરૂ કરી દીધું છે. કેમ કે ટામેટા અને શાકભાજીના ભાવ ઘટયા પણ ડુંગળીના ભાવમાં હવે વધારો નોંધાયો છે.

છેલ્લા બે મહિનાથી શાકભાજીના ભાવ અને તેમાંપણ ટમેટાના ભાવ આસમાને હતા. ટમેટા ૧૫ દિવસ પહેલા બજારમાં કિલોના ૨૦૦થી ૨૫૦ રૂપિયા હતા. ત્યારે હવે ટામેટાની આવક શરૂ થતાં તેના ભાવમાં ઘટાડો થયો છે. હાલ ટામેટા ૧૦૦ રૂપિયાની આસપાસ બજારમાં મળી રહ્યા છે. પરંતુ હવે ડુંગળીએ લોકોને રડાવવાનું શરૂ કર્યું છે.

આમ તો ડુંગળી તીખી હોય એટલે લોકોને રડાવે, પરંતુ તેના ભાવે હવે લોકોને રડાવવાનું શરૂ કર્યું છે. આ એટલા માટે કહેવું પડી રહ્યું છે, કારણ કે એક જ સપ્તાહમાં રિટેઈલ બજારમાં ડુંગળીના ભાવ ૧૦થી ૧૫ રૂપિયા જેટલા ઊંચકાયા છે. જેના કારણે હવે લોકોના બજેટ પર અસર સર્જાઈ છે. ડુંગળી એક સપ્તાહ પહેલા એપીએમસી બજારમાં પ્રતિ કિલો ૨૦ રૂપિયા આસપાસ મળતી હતી. જ્યારે જમાલપુર રિટેઈલ બજારમાં ૩૦ રૂપિયા આસપાસ મળતી હતી. પરંતુ એક જ સપ્તાહમાં આ ભાવમાં વધારો નોંધાયો છે. જેમાં એપીએમસીમાં હાલ આ ડુંગળી ૨૫થી ૩૦ રૂપિયા ભાવે મળી રહી છે. જ્યારે રિટેઈલ બજારમાં ૪૦ રૂપિયે કિલો ડુંગળી મળી રહી છે. તો શહેરમાં વિસ્તાર પ્રમાણે ભાવ વધુ જોવા મળી રહ્યો છે. કે જ્યાં કેટલાક વિસ્તારમાં ૫૦થી ૬૦ રૂપિયા કિલો ડુંગળી મળી રહી છે. ભાવ વધવાના કારણે જે વાનગીમાં ડુંગળીનો ઉપયોગ થતો હોય છે. તેમાં હવે ઘટાડો જોવા મળી રહ્યો છે. વેપારીઓની વાત માનીએ તો બજારમાં ડુંગળી નાશિક, પુને, કાઠીયાવાડ અને સૌરાષ્ટ્રમાંથી આવતી હોય છે. જેમાં હાલ સૌરાષ્ટ્ર અને કાઠીયાવાડથી ડુંગળી આવવાનું બંધ છે અને માત્ર નાશિક અને પુણેથી ડુંગળી આવી રહી છે. જોકે ત્યાં વરસાદની અસરના કારણે ડુંગળીને નુકસાન થતાં અને આવક ઓછી થતા ભાવમાં વધારો નોંધાયો છે અને હજુ પણ આ ભાવ વધવાની શક્યતા વેપારીઓ સેવી રહ્યા છે.

ટામેટાના ભાવમાં ૫૦ ટકા જ્યારે અન્ય શાકભાજીના ભાવમાં ૩૦થી ૪૦ ટકા ઘટાડો નોંધાયો છે. જોકે તેની સામે ડુંગળીના ભાવમાં ૨૦ ટકા ઉપર વધારો નોંધાયો છે. તો હજુ પણ ડુંગળીના ભાવ ૪૦ ટકા જેટલા વધવાની શકયતા છે. ત્યારે લોકો ઈચ્છી રહ્યા છે કે ડુંગળીના ભાવમાં વધારો ન આવે. કેમ કે ભાજીપાઉ હોય કે સલાડ હોય કે અન્ય શાક હોય કે જેમાં ડુંગળીની ગ્રેવી કે ડુંગળીનો ઉપયોગ થતો હોય છે. તેથી ભાવના કારણે તેનો સ્વાદ ફિકો પડી શકે છે.

